Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 08

May, 2019



'પવન બસે નાભિસ્થળે, દુજો હૃદયાકાશ, ઔર બસે બ્રહ્માંડ મેં, જીવન જ્યોત પ્રકાશ.
બાહર ઢૂંઢે નહીં મિલે, ક્યોં ચાહે વિનાશ, સત્પુરુષ કે આશરે, કર લે જ્ઞાનપ્રકાશ.'

- શ્રીદાસાનુદાસ

'ફૂલપાંદડી', ચોથી આવૃત્તિ



પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૩ અંક : ૮ મે, ૨૦૧૯

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**અનુક્રમ**

૧. રમજાન મહિનામાં રોજા અને અન્ય ઉપવાસ ...... શ્રીમોટા ૪
૨ 'હરિજન સંતો' : હરિદાસ ...................... શ્રીમોટા ૬
૩. હિમાલયમાં દિવ્યાનંદ : (૬) .............. શ્રીદાસાનુદાસ ૧૦
૪. મહાસતી શ્રીગોદાવરી માતાજી (૩) ........ જ્યોત્સ્નાબહેન ૧૧
૫. શેખમહમદ મહારાજ ...................... અશોક હર્ષ ૧૪
૬. પ્રેમનું મૂળ ભાવ, ભાવનું મૂળ ચેતન ............ શ્રીમોટા ૧૮
૭. જીવવું-મરવું શીખવે એ અધ્યાત્મ ........... વિમલા ઠકાર ૧૯
૮. સંતને સેવે ત્યારે સંત સરખો થાય ........ સ્વામી સહજાનંદ ૨૦
૯. સ્વજનોમાં અમારું દિલ રહે છે .................. શ્રીમોટા ૨૨
૧૦. ભગવાનને યાદ કરીને કર્મ કરો ........ શ્રી જેસંગ બાપજી ૨૩
૧૧. 'ૐ'કારનું અવલંબન શ્રેષ્ઠ છે ........ સ્વામી પ્રકાશાનંદજી ૨૫

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટાના ૬૫મા સાક્ષાત્કારદિન-રામનવમીના ઉત્સવ, સ્વજનોના મિલન સમારંભના યજમાનપદનું પરમ સદ્‌ભાગ્ય જેઓશ્રીને પ્રાપ્ત થયું હતું, તેવા સદ્‌ગત શ્રી નગીનદાસ વલ્લભદાસ શેઠના પરિવારના શ્રી બિપીનચંદ્ર નગીનદાસ શેઠના અને અ.સૌ. મંજુલાબહેન બિપીનચંદ્ર શેઠના તરફથી 'હરિભાવ' ના આ અંકના પ્રકાશનમાં જ્ઞાનદાન સ્વરૂપ અમોને સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ એ પરિવાર પ્રત્યે અમો ઘણા ઘણા આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.

-સંપાદક

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

# (૧) રમજાન મહિનામાં રોજા અને અન્ય ઉપવાસ

શ્રીમોટા

પહેલાં હું રમજાન મહિનામાં રોજા કરતો. રોજા કઈ રીતે ? સંયમની રીતે. તે દિવસે પાણી પણ પીવાય નહિ. થૂંક પણ ગળાય નહિ. કંઈ જ નહિ. ગળાની નીચે કંઈ કશું જાય નહિ. લાળ પણ ન જાય. મારા મનમાં એમ કે સંયમની આપણામાં દૃષ્ટિ કેળવાય છે ! પણ મુસલમાનની રીતે હું થોડુંક જ જમું અને તે પ્રવાહી માત્ર અને સવારમાં ઊઠીને લઉં નહિ. રાત્રે ૧૨ વાગ્યે ઊઠીને પાણી પી લઉં. પાણી હું થોડું પીતો. એટલે સંયમની દૃષ્ટિ કેળવવા હું રોજા કરતો અને તે કાળે હિંદુ મુસ્લિમ એકતા માટે ગાંધીજી બહુ કહેતા હતા. એટલે એ માટે પણ મારો ભાવ ખરો અને ૨૮ દિવસના રોજા કરતો.

ત્યારે રોજાના દિવસે મને થયું કે (કરાંચી)ના મેદાનમાં હું નમાજ પઢવા જઉં. અમે ક્લિફ્ટનમાં રહીએ અને મેદાન તો ઠેઠ શહેરની અંદર. એટલે આ લોકો મને જવા ન દે. તેઓ કહે કે ‘એ લોકો તને મારશે. તું ધોતિયું, પહેરણ અને ટોપી પહેરે છે’. ત્યારે તો હું કાછડીવાળું ધોતિયું પહેરતો.

પછી મેં કહ્યું, ‘મને કંઈ નહિ થાય, તમે મને જવા દો. આજ મારું મન બહુ જ છે’ એટલે હું તો ગયો. ત્યાં મોટરગાડીઓ જ્યાં ઊભી રાખી હતી ત્યાં ગાડી રાખીને હું અંદર ગયો. સાંઈબાબાને બે ત્રણ વાર હું તો મળી ચૂકેલો, તેઓ ત્યાં બેઠેલા. બધા નમાજ પઢતા હતા. મારા આશ્રમમાં (હરિજન આશ્રમ સાબરમતીમાં) કુરેશી સાહેબ હતા. તેમને ત્યાં હું જતો અને તેઓ જે નમાજ પઢે તે બધું મેં જોયેલું ખરું. એટલે ઊભા થાય, નીચા પડે તેમ હું કર્યા કરું. જરા પણ ફરક નહિ. હું તો મારી પ્રાર્થના કર્યા કરું. એ લોકો એમનું બોલ્યા કરે. એટલે કોઈએ વાંધો નહિ લીધેલો. હું તો બધું બરાબર એ પ્રમાણે કરું, એટલે એ બધાએ મને જોયેલો ખરો કે આ કોઈ નવતર છે, પણ હું એમની રીતે નમાજ પઢ્યા કરતો. પછી મેં તો ‘પેલા’નાં (‘સાંઈબાબાનાં’) દર્શન કર્યા એટલે પછી એમણે મને હુકમ આપેલો કે, ‘નાગો થઈને આખા શહેરમાં ફર-જા, મને આ પહેલાં શર્માજીને લીધે ખબર પડેલી કે એ તો સાંઈબાબા છે !’

એ પહેલાં મને મારા ગુરુ મહારાજનો શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજીમાં) અનુભવ થયેલો કે આવા લોકો શરીર ન હોય તોપણ શરીર ધારણ કરી શકે છે.

‘જન્મ પુનર્જન્મ’, પ્ર.આ. પૃ.૫૦

(૨)

...હું કરાંચી હતો ત્યારે મેં ૪૦ દિવસના ઉપવાસ કરેલા. તે સાડી આડત્રીસ દિવસના ઉપવાસ તો થઈ ગયા હતા. પછી તે રાત્રે ગોદડિયા મહારાજ આવ્યા. હું તો સૂતો હતો. એટલે એકદમ ઊભો થઈ ગયો. હું તો પગે લાગ્યો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે પછી મેં કહ્યું કે આપે બહુ કૃપા કરી. ત્યારે તેઓશ્રીએ કહ્યું કે હવે તારે ઉપવાસ-બુપવાસ કરવાની શી જરૂર છે ? તું નકામો આ રીતે ઉપવાસ કરે છે. હવે તારે આ બધું કરવાની જરૂર નથી. તું તારે હવે મારા દેખતાં ખાઈ લે અને ઉપવાસનો અંત લાવી દે, મેં કહ્યું, ‘જેવો આપનો હુકમ ! તો જમીશ, જમી લઉં.’

એટલામાં પેલા ગોદડિયા મહારાજ તો

જતા રહ્યા. હું તો ઊઠીને રસોડામાં ગયો. અમે કરાંચીમાં દરિયા કિનારે મોટા બંગલામાં રહેતા હતા. રસોડામાં ગૅસ હતો. તે મેં તો સળગાવ્યો અને ચા બનાવી. ડાઈનિંગ ટેબલ ઉપર ચાનો પ્યાલો મૂકી હું તો ખુરશીમાં બેઠો. ફરીથી મોં-બો ધોઈ આવ્યો અને રકાબીમાં ચા રેડીને જ્યાં આમ સીપ લગાડવા જઉં છું ત્યાં વિચાર આવ્યો કે આજનો દિવસ તો પૂરો થઈ ગયો એટલે હવે એક જ દિવસ બાકી રહ્યો છે. ગુરુમહારાજે હુકમ કર્યો તો મેં ચા બનાવી અને આ જ ચા મેં લીધી. એક સીપ લીધી ખરી એટલે મેં એમનો હુકમ પાળ્યો ખરો. એક સીપ લીધી છે એટલે પૂરું થયું છે. પતી ગયું કહેવાય. પણ બાકીનું છે તે હવે એક દિવસ કાઢી નાખીશ. એમ વિચાર કરીને પેલી ચા મેં ઢોળી દીધી. પાછો આવીને રાત્રે સૂઈ ગયો.

સવારમાં ઊઠીને મારા બાપુને બધી વાત કરી. તેઓશ્રી સિંધિયા સ્ટીમ નૅવિગેશનના મૅનેજર હતા. તેઓ કહે કે તને જેમ ઠીક લાગ્યું તેમ. તારી બાબતમાં ભાઈ, મારાથી કંઈ કહેવાય નહિ.

મેં ઉપવાસ કરેલો પણ હરતો ફરતો રહેતો હતો. બીજે દિવસે સવારે હું તો એમની સાથે તેમની ઑફિસે જવા મોટરમાં નીકળ્યો. આગળ જતાં રસ્તામાં ચાર રસ્તા આવતા હતા. ત્યાં એક મેલો ઘેલો સાધુ ઑલિયો હતો. એના વાળ મોટા, ફાટેલો કામળો કાયમ ત્યાં પડ્યો રહેતો હતો. તે સાધુ એકદમ ઊભો થઈ મોટરની સામે વચ્ચે આવીને ઊભો રહ્યો. એણે મને કહ્યું, 'ઊતર જા.' એટલે હું તો ઊતર્યો. ત્યારે બાપુ મને કહે, 'ચૂનીલાલ, તને તો સાવ અક્કલ નથી.' મેં કહ્યું, 'એ વાત સાચી તમારી કહેલી.' બાપુ કહે, 'ગમે તે માણસ કહે ને તું ઊતરી જાય એ બરાબર નથી.'

મેં કહ્યું, 'મારે તો ઊતરી જવું પડશે. મારા હૃદયમાં પણ એવો જ ભાવ અને ઉમળકો જાગે છે. પછી તો બાપુ પણ મોટરમાંથી નીચે ઊતર્યા. મેં તો તેઓશ્રીને કહ્યું, 'આપ ઑફિસે જાવ. વખત થઈ જશે.' તો તેઓએ કહ્યું, 'તને અમસ્તો એકલો મૂકીને હું ના જઉં. તું પાછો ક્યાંક જતો રહે તો ! આવા સાધુ પાછો તને લઈ જાય તો !' બાપુને મારા પર બહુ પ્રેમ. એટલે તેઓ તો ઊતરી ગયા.

પછી પેલા સાધુ મને કહે, 'સાલા અભી તક તેરે કુ સંકલ્પ કા ગુમાન હૈ ? સંકલ્પકા અભી ભી ગુમાન હૈ તેરે કુ ? લે.' સાધુએ બે પડીકાં તૈયાર રાખેલાં તે મને આપીને કહે, 'ખાઈ લે'. હવે હું આ સ્થળેથી દશ માઈલ દૂર દરિયા કિનારે બંગલામાં રહેનારો અને આ ઑલિયો અહીં ફૂટપાથ પર પડેલો. જડ જેવો. કેટલાય વખતથી હું તેને જોતો હતો. એને જાણે કે કંઈ જ કશી લેવા દેવા વિના બસ પડ્યો જ રહ્યો હોય. બસ એમ જ પડેલો રહેતો. કહો ક્યાં આ માણસ અને ક્યાં મારે પેલા ગોદડિયા મહારાજની સાથે થયેલી વાતચીત !

મેં કહ્યું, 'પ્રભુ, મેં ચા પી લીધી એટલે મેં જાણ્યું કે મેં ઉપવાસ પૂરા કર્યા. એક જ દિવસ બાકી હતો એટલે મેં કંઈ ખાધું નહિ, પરંતુ મારા મનમાં આવું કંઈ સંકલ્પના ગુમાન જેવું કશું હતું નહિ, પણ તમો કહો તે વાત સાચી' એટલે મેં એ બે પડીકાંમાં જે હતું તે ત્યાં ને ત્યાં જ ઊભાં ઊભાં ખાઈ લીધું.

આટલા બધા દિવસના ઉપવાસ હતા, તોપણ જે આપ્યું તે ખાઈ લીધું. હવે એવું હું ના કરું, પણ તે ખાઈ લેવાની વાત જુદી હતી.

'જન્મ પુનર્જન્મ', પ્ર.આ. પૃ.૫૦ ❑

### બંગાળમાં ધાર્મિક જાગૃતિ

ઉત્તર અને દક્ષિણ હિંદની માફક તે મહાન ધાર્મિક પરિવર્તનનાં મોજાંની અસર બંગાળમાં પણ થયા વિના રહી ન હતી. પ્રેમ અને ઉત્કટ ભક્તિના સૂરો દર્દભર્યાં અને લાગણીવાળાં ભાવાત્મક કાવ્યો દ્વારા સંભળાવા લાગ્યા. જયદેવ કવિએ શ્રીરાધાકૃષ્ણની અદ્‌ભુત આધ્યાત્મિક પ્રેમની કથની ગીતગોવિંદના કાવ્યમાં ગૂંથી. એ કાવ્યે જનસમાજના હૃદયમાં ઊંડું સ્થાન મેળવ્યું. સુષુપ્તિમાં પડી રહેલા સાત્ત્વિક પ્રેમના બીજને અંકુરિત થવામાં એણે પ્રેરણા આપી. ચંડીદાસ વગેરેએ પણ એમાંથી પ્રેરણા મેળવી અને શ્રીકૃષ્ણનાં ઉત્કટ પ્રેમનાં કાવ્યો રચ્યાં. જનતાના હૃદય પર તેથી પ્રેમ અને ભક્તિનાં બીજ રોપાયાં. શ્રીરામાનુજ અને માધવાચાર્યના સદુપદેશથી રંગાયેલા વૈષ્ણવ સાધુઓ બંગાળમાં આવીને વસ્યા હતા. કવિઓનાં દક્ષિણમાંથી પ્રેમભક્તિનાં કાવ્યોથી અને ભજનોથી તથા આ વૈષ્ણવ સાધુઓના સતત પ્રચારથી ભક્તિભાવના અને બંધુભાવના સારાયે બંગાળમાં ફેલાઈ. લોકોના મનમાંથી રાગદ્વેષ, જાતિભેદનું જોર ઓછું થયું. જનતાના દરેક વર્ગમાંથી પ્રભુના ભક્તો અને લોકકવિ ઉદ્‌ભવ્યા.

### શ્રીચૈતન્ય મહાપ્રભુનું પ્રાગટ્ય

નદિયામાં શ્રીકૃષ્ણ ચૈતન્ય ભક્તશિરોમણિ તરીકે પંકાયેલા હતા. તે પ્રભુના પ્રેમમાં અને તેની ભક્તિમાં એટલા તો તરબોળ રહેતા કે પ્રભુનું ભજન કરતાં કરતાં ઉત્કટ ભાવાવેશમાં આવી જતા. ઉચ્ચ સ્વરે હરિનામની ધૂન તે મચાવતા. દરેકને ભક્તિનો બોધ આપતા. માધવાચાર્ય પંથના ઈશ્વરપુરી નામના એક સાધુએ તેમને દીક્ષા આપી હતી. સાધુ થઈને તેમણે પછી જાત્રાઓ કરવા માંડી. જ્યાં જ્યાં જતાં, ત્યાં ત્યાં તે ઉન્મત્તપણે મસ્તીથી ભજન ગાતા, નાચતા, હજારો લોકોને ભક્તિના રસથી તરબોળ કરી દેતા. લોકોને ઉપદેશ પણ આપતા. ધાર્મિક સંવાદો પણ કરતા. તેમના હૃદયના સાચા ભાવથી કંઈક લોકોનો જીવનપલટો થયો હતો. દેશ દેશમાંથી પવિત્ર અને ભક્ત આત્માઓ તેમની પાસે ભેગા થયા હતા.

### ભક્ત હરિદાસ

છેવટે શ્રીચૈતન્યદેવે જગન્નાથપુરીમાં નિવાસ કરવાનું ઠરાવ્યું. અહીં તેમણે અને તેમના ભક્તોએ શ્રીજગન્નાથની ભક્તિમાં પોતાનું જીવન વ્યતીત કરવા માંડ્યું. આ પવિત્ર, સાત્ત્વિક ભક્તમંડળમાં સૌથી પવિત્ર અને મધુર શ્રીહરિદાસ ઠાકુર હતા. બધા તેમને 'બ્રહ્મ હરિદાસ'ને નામે ઓળખતા. આ સાધુના જન્મ અને જીવનની બીજી હકીકત વિશે બહુ થોડું જાણવામાં આવ્યું છે. એવું પણ કહેવાય છે કે તે મુસલમાન હતા, પરંતુ એ મતને ચોક્કસ પુરાવા મળતા નથી, તેમ જ તે હકીકત સત્ય લાગતી નથી. શ્રીચૈતન્ય મહાપ્રભુનાં જીવનચરિત્ર અને એમનાં બીજાં લખાણોમાં ઉપરોક્ત સાધુનું સ્પષ્ટ કથન થયેલું છે. તેથી, એમ કહી શકાય કે તેઓ એક હરિજન હતા. પંદરમા સૈકાના છેક અંતમાં તે જન્મ

પામ્યા હતા. છેક નાનપણથી જ શ્રીકૃષ્ણભક્તિમાં તેઓ રસ ધરાવતા જણાયા હતા. એમની સાત્ત્વિકતા, એકનિષ્ઠા અને એમની પ્રેમભક્તિ વડે કરીને એમના સમકાલીન ભક્તમાં એમણે ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું. શ્રીકૃષ્ણ ચૈતન્યના ભક્તમંડળમાં તે પોતે આગળ પડતા ગણાતા હતા.

**હરિદાસની હરિભક્તિ**

નાનપણમાં હરિદાસ પોતે સૂનમૂન બેસી રહેતા. કોઈ કામમાં જીવ પરોવતા નહિ. એમનો સ્વભાવ નિવૃત્તિપ્રધાન હતો. પોતાની જાતની સંભાળ લેવા જેટલી ઉંમરના થયા ત્યારે તે પોતાના ગામ બુરાનના કોઈ એકાંત સ્થળમાં જતા રહ્યા. બંગાળના જેસોર જિલ્લામાં આ ગામ આવેલું છે. તેમણે ત્યાં નાનુંસરખું ઝૂંપડું બાંધ્યું. આગળપાછળ બધે તુલસી વાવી. તે જગાને ઘણી રમણીય બનાવી. પોતે તે સ્થળ બહુ જ સ્વચ્છ રાખતા. સતત હરિસ્મરણમાં પ્રત્યેક પળ પસાર કરતા. ભજનો ગાતા. ગદ્‌ગદ કંઠે પ્રભુની પ્રાર્થના કરતા. તેમની અજોડ ભક્તિ અને એકનિષ્ઠાથી તે આસપાસના પ્રદેશમાં જાણીતા થઈ ગયા હતા. ઘણાંયે જતાઆવતા વટેમાર્ગુઓનું તે સ્થળ આશ્રયસ્થાન બની ચૂક્યું હતું. ઘણાંય ગામડિયાઓના જીવનની મુશ્કેલીઓ હરિદાસ પોતે ઉકેલી આપતા. તેમની મુશ્કેલીમાં, દુઃખમાં અને આપત્તિમાં તેમને તે આશ્વાસન આપતા. ઘણાંયનાં હૃદયો આમ તેમણે જીતી લીધાં હતાં. જીવનના માર્ગમાં ભૂલા પડેલાને માર્ગ બતાવી ભક્તિના સીધા રાહે તેમને વાળ્યા હતા. કેટલાયે રોગીના રોગ તેમણે મટાડ્યા હતા. ભૂખ્યાંને અન્ન આપતા અને તરસ્યાંને પાણી પાતા. વર્ણભેદને લીધે એમને ઝાઝાં કષ્ટ સહેવાં પડ્યાં નથી, એ સાચે જ ઘણું આશ્ચર્યજનક છે. એમના પર શ્રીપ્રભુની અત્યંત કૃપા હતી.

**અદ્વૈતાચાર્ય સાથે સંબંધ**

ત્યાર બાદ તે શાંતિપુર પાસેના ફૂલિયા ગામે ગયા. ત્યાં એક વિદ્વાન વૈષ્ણવ બ્રાહ્મણ રહેતા હતા. તે શ્રીચૈતન્ય મહાપ્રભુના મિત્ર અને અનુયાયી હતા. તેમનું નામ અદ્વૈતાચાર્ય હતું. થોડા જ સમયમાં આપણા હરિદાસને એમનો પરિચય થયો. પછી તો તેઓ એકબીજાના મિત્રો બન્યા. સાથે જ બન્ને રહેવા લાગ્યા અને સાથે જ પ્રભુભક્તિમાં પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

**શ્રીમહાપ્રભુના પ્રીતિપાત્ર**

થોડા સમય પછી હરિદાસે શ્રીકૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુ વિશે સાંભળ્યું અને એમનાથી એ આકર્ષાયા. પોતે નદિયા જઈને રહ્યા. આ મહાન દયાળુ સાધુ હરિદાસની એકનિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ અને ભક્તિ જોઈને શ્રીમહાપ્રભુ નવાઈ પામ્યા અને ઉત્કટ પ્રેમના આવેશમાં આવી જઈને તેઓ હરિદાસને હૃદયથી ભેટ્યા.

**પ્રભુની સેવાભક્તિમાં વર્ણ અને જાતિનો ભેદ રહી શકતો નથી.** હરિદાસને શ્રીમહાપ્રભુએ પોતાના સ્વજન ગણ્યા અને એમના પર અત્યંત પ્રેમ રાખતા હતા. હરિદાસ, શ્રીચૈતન્ય મહાપ્રભુ સાથે જ યાત્રાર્થે ફરતા. આખરે તેમણે શ્રીમહાપ્રભુની સાથે જ  પુરીમાં વસવાટ કર્યો. ત્યાં તેઓ ઝૂંપડામાં રહેતા. હાલ પણ એ જગાને શ્રીહરિદાસની ઝૂંપડીની નિશાની તરીકે

યાત્રાળુઓને બતાવવામાં આવે છે. કૃષ્ણદાસનાં 'ચૈતન્ય-જીવનચરિત્ર'માં હરિદાસના આગમન વિશે સુંદર વર્ણન કર્યું છે. શ્રીચૈતન્ય મહાપ્રભુજીએ તેમનું અત્યંત પ્રેમભક્તિપૂર્વક સ્વાગત કર્યું હતું. કેટલેય દૂરથી તેમને જોતાં શ્રીમહાપ્રભુ ગાંડાઘેલા થઈ દોડતાં દોડતાં જઈ હરિદાસને હૃદયથી ભેટ્યા હતા. પોતાના ભક્તમંડળમાં તેમની ભક્તિ અને પ્રભુ પરત્વેની એકનિષ્ઠાનાં વખાણ કરેલાં હતાં. શ્રીચૈતન્યદેવે એમના પરત્વે બતાવેલાં પ્રેમ, નમ્રતા, ભક્તિ વગેરેનાં કેટલાંયે જ્વલંત દૃષ્ટાંતો કૃષ્ણદાસે એમના લખેલા જીવનચરિત્રમાં આપેલાં છે.

**એમની નમ્રતા**

જ્યારે હરિદાસ પ્રથમ શ્રીમહાપ્રભુ પાસે આવ્યા ત્યારે જાહેર રસ્તાની એક કોરાણે દંડવત્ કરીને શ્રીમહાપ્રભુને પ્રણામ કર્યા. પોતે એ જ દશામાં ગદ્ગદ કંઠે ભાવાવેશમાં આવી જઈને શ્રીપ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા.

તેમને પ્રાર્થના કરતા જોઈને બીજા ભક્તો તેમની પાસે આવી તેમને શ્રીમહાપ્રભુ પાસે લઈ ગયા, પરંતુ હરિદાસે કહ્યું, 'હું એક અતિનીચ વર્ણનો છું. મારે કોઈ જ્ઞાતિ નથી. મંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર નથી. જો મને બાગના કોઈ એકાદ ખૂણામાં નાનીશી જગા મળી જાય તો ત્યાં હું પડ્યો રહીશ. એકાંતમાં એવી રીતે પ્રેમભક્તિમાં મારો સમય વ્યતીત કરીશ. જગન્નાથના કોઈ સેવકને મને અડકવાનો પ્રસંગ તેથી નહિ આવે.' આટલું બોલી હરિદાસે તો હરિનામની ધૂન મચાવી અને પોતે પોતાનું ભાન ભૂલી ઉન્માદમાં આવી નાચવા લાગ્યા. શ્રીચૈતન્ય મહાપ્રભુને જોઈને તેઓ અત્યંત ભાવાવેશમાં આવી ગયા. શ્રીચૈતન્યપ્રભુ પાસે આવ્યા અને હરિદાસને પોતાની છાતી સરસા પ્રેમભાવથી ચાંપ્યા. અત્યંત પ્રેમથી બન્ને રડ્યા. બન્ને એકબીજાની પર મુગ્ધ થયા. હરિદાસ બોલી ઊઠ્યા, 'અરે પ્રભુ ! મને અડકો મા ! હું તો એક નીચ વર્ણનો અભાગી જીવ છું.'

**તમારાં દર્શનથી પાવન થયો છું.**

પરંતુ શ્રીમહાપ્રભુજીએ જવાબ વાળ્યો, 'તમારાં દર્શનથી તો હું પાવન થયો છું, કારણ કે તમારા જેવી ઉત્કટ પ્રેમભાવના મારામાં નથી. તમારા જેવી એકનિષ્ઠા અને ઉત્કટ ભક્તિ જેનામાં હોય તે તો સમાજના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પદે છે. વેદાભ્યાસ, દાન, તપ, યજ્ઞ અને કઠોર તપશ્ચર્યાથી જે મેળવાય છે, તે તમારા સત્સંગ માત્રથી મેળવાય છે. તમે તો સંન્યાસી અને બ્રાહ્મણ કરતાં પણ વધુ પવિત્ર છો.'

આમ કહી હરિદાસને પોતે બાગમાં લઈ ગયા. ત્યાં એક જુદી ઓરડી આપીને કહ્યું, 'શ્રીપ્રભુના નામસ્મરણમાં તારું બાકીનું જીવન અહીં રહી તું વ્યતીત કર. હંમેશાં હું તારી પાસે આવીશ. ભજનભાવમાં હું તારી સાથે ભળીશ. અહીંયાં રહીને તું જગન્નાથને નમન કર્યા કરી, તારી ભક્તિની ભેટ શ્રીપ્રભુનાં ચરણકમળે હંમેશાં અર્પણ કરજે. પ્રત્યેક દિવસે તને શ્રીપ્રભુનો પ્રસાદ અહીંયાં જ મોકલી આપીશ.' નિત્યાનંદ, જગદાનંદ, દામોદર, મુકુંદ વગેરે વગેરે હરિદાસને મળી આનંદ પામ્યા. હરિદાસ આ સંતભક્તો સાથે પોતાનો ઘણો સમય ભગવદ્ભાવમાં ગાળતા.

### શ્રીચૈતન્યે એમનું રક્ષણ કર્યું

હંમેશાં શ્રીમહાપ્રભુ ગોવિંદ સાથે મહાપ્રભુનો પ્રસાદ એમને મોકલતા. નંદ, ચોખામેળા, રવિદાસ વગેરે એના સમકાલીન સંતભક્તોને જીવનમાં હાડમારીઓ અને દુઃખો ઉચ્ચ ગણાતા સમાજ તરફથી જે વેઠવાં પડ્યાં હતાં, તે સર્વમાંથી હરિદાસ સદ્‌ભાગ્યે મુક્ત હતા. તેમના સમકાલીન સાધુપુરુષોમાં એમનું માનઆદર સારું હતું. પ્રત્યેકને તે પ્રિય થઈ પડેલા હતા. એ બધાંનું મૂળ કારણ તો શ્રીચૈતન્ય પ્રભુ જ હતા. તેમણે હરિદાસની પ્રભુ ઉપરનાં શ્રદ્ધા, વિશ્વાસ, ઉત્કટ ભાવના તથા એની ભક્તિને પિછાનીને પોતાની સાથે લીધા હતા અને પોતાનાં સ્વજનોમાંના એક બનાવ્યા હતા. શ્રીમહાપ્રભુના પ્રેમમાં તો વર્ણાવર્ણનો ભેદ ન હતો. એમનો પ્રેમ સર્વવ્યાપક હતો. તેથી, તે સમાજમાંથી ઊંચાનીચાપણાનું ઝેર ઓછું થઈ ગયું હતું.

### પવિત્ર જગન્નાથપુરીમાં મહાસમાધિ

આ સમયમાં જગન્નાથપુરી સંતભક્ત અને સાધુપુરુષોનું મુખ્ય અને મધ્ય સ્થળ થઈ પડ્યું હતું. નંદને જેમ ચિદંબરમ્, મહારાષ્ટ્રી ભક્તોને જેમ પંઢરપુર, તેમ બંગાળના સંતભક્તોને શ્રીજગન્નાથપુરી હતું. મધ્યકાલીન સમયમાં શ્રીજગન્નાથદેવનું મંદિર બહુ વિખ્યાતિને પામ્યું હતું. તે ઘણા ઘણા દૂરના યાત્રાળુઓને આકર્ષતું. પ્રત્યેક વર્ષ હજારો યાત્રીઓ ત્યાં આવતા, સમુદ્રસ્નાન કરતા અને શ્રીજગન્નાથની પ્રાર્થના કરતા. ત્યાં ઉત્સવ-આનંદ કરતા અને ઉલ્લસિત હૃદયે ઘેર પાછા વળતા. તે સમયમાં વૈષ્ણવ સાધુભક્તોને શ્રીજગન્નાથપુરી વૈકુંઠ સમાન લાગતી. શ્રીજગન્નાથની મૂર્તિને તેઓ હૃદયથી કૃષ્ણ માની એની ભક્તિ કરતા. શ્રીજગન્નાથપુરી, તેની આજુબાજુ આવેલી સુંદર જગાઓ, નાની નાની ટેકરીઓ, દરિયાકિનારો- આ બધાં સ્થળો ભક્તોના દિલમાં શ્રીકૃષ્ણના જીવનના અનેક પ્રસંગોની પવિત્ર ઝાંખી કરાવતાં હતાં. શ્રીચૈતન્ય અને તેના અનુયાયી ભક્તો અને બીજા સંતભક્તો પણ અહીં આવતા અને રહેતા. શ્રીજગન્નાથની સતત ભક્તિમાં બાકી રહેલું આયુષ્ય ત્યાં વ્યતીત કરતા. સ્નાન, પ્રાર્થના, ભજનકીર્તન, મંદિરમાં પ્રભુનાં દર્શન કરવા જવું, પરસ્પર હૃદયથી ભગવત્ ચર્ચા પૂર્ણ ભાવથી કરવી-એવો એવો તેમનો બધાંનો નિત્યક્રમ હતો. ઉત્સવના એવા બીજા પ્રસંગોએ ધાર્મિક સરઘસો અને ભજનમંડળીઓ નીકળતાં. ભક્તો આવેશમાં આવી જઈને ખૂબ નાચતા. આખા શહેરમાં બધાંના જમ્યા પછી તેઓ (હરિદાસ) પ્રભુપ્રસાદ લેતા. મંદિરના બહારના દરવાજે દૂર ઊભા રહી, તેઓ પ્રાર્થના કરતા અને આખરે એમના આવા ભક્તિમય જીવનનો અંત આવ્યો અને સને ૧૫૩૩ની સાલ પહેલાં તેઓ શ્રીભગવત્ જ્યોતિમાં લય પામ્યા.

'હરિજન સંતો', ચો.આ. પૃષ્ઠ ૩૫ ❑

**ઉલ્લેખનીય ભેટ**

**પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન - રામનવમી નિમિત્તે અમદાવાદ (હાલ અમેરિકા)ના એક સ્વજન તરફથી રૂ. ૬૩,૦૦૦/-ની ઉલ્લેખનીય ભેટ મળી છે.**

**- સંપાદક**

## (૩) હિમાલયમાં દિવ્યાનંદ : (૬)

**શ્રીદાસાનુદાસ**

*(ગતાંકથી આગળ)*

**આત્મા**

...પરમ પિતા પરમાત્માએ આપણને જ્યાં ગોઠવ્યા હોય ત્યાં ગોઠવાઈ રહેવું. જે કાંઈ ફરજો સોંપી હોય તે બજાવતા જવું. ઉપરાંત, પ્રતિપળે અનંતની યાદી રાખવી. જરૂર એક દિવસ એવો આવશે કે પરમ શાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ થશે. ૐ આનંદ ૐ.

જેમ ઝાંઝવાનું નીર પૃથ્વીને ભીંજવી શકતું નથી, દેખાય ખરું પણ સ્પર્શે નહિ તેમ આ બધી માયા જીવભાવને દેખાય કરી પણ આત્માને સ્પર્શી શકે નહિ. આત્મા તો ઉજ્જ્વળ છે. એને માયાનાં આવરણ જરાયે નડી શકતાં નથી, પણ આ વાત ત્યારે સમજાય કે જ્યારે દૃષ્ટિ આત્મા સુધી પહોંચી હોય. માટે, આપણું મુખ્ય કર્તવ્ય એ છે કે જેમ તળાવનાં પાણી ઉપરની લીલ આઘીપાછી કરીને તરસ્યો માણસ સ્વચ્છ પાણી પી શકે છે, તેમ માયાનાં આવરણને જરા જ્ઞાને કરીને આઘાપાછા કરી દઈને દૃષ્ટિને સ્થિર કરી આત્મા તરફ વાળે અને આત્મામાં દૃષ્ટિ જોડે તો નક્કી થાય કે આ બધાં આવરણો આત્માની આજુબાજુ હોવા છતાં આત્માને સ્પર્શેલાં નથી. ૐ આનંદ આનંદ આનંદ ૐ.

શ્રીમદ્ રાજચંદ્ર કહી ગયા છે કે :-

**'દુઃખ દર્દ અને દરિદ્રતા મનુષ્યમાત્રને હોય,**
**જ્ઞાની કાટે જ્ઞાન સે, મૂરખ કાટે રોય !'**

જીવન આનંદપૂર્વક જીવવા માટે જ્ઞાનની ખાસ જરૂર છે અને જ્યાં ભારોભાર સહનશક્તિ હોય ત્યાં જ્ઞાન પ્રકટે છે. ૐ આનંદ.

**અનુભવ માટે અંધકાર**

અંધકાર એ પ્રકાશની માતા છે. બહિર્‌જગતમાં મુસાફરી કરવા માટે પ્રકાશની ભલે જરૂર હોય, પરંતુ આંતરજગતમાં મુસાફરી કરવા માટે અંધકારની ખાસ જરૂર છે. બહિર્‌જગતમાં લાગેલો થાક આંતરજગતમાં જવાથી મટી જાય છે. બહિર્‌જગતમાં પ્રાણીઓ અને પદાર્થો છે, જ્યારે આંતરજગતમાં પ્રાણ અને ચેતના છે. પ્રાણી અને પદાર્થોમાં પ્રાણ અને ચેતના છે ખરાં, પરંતુ તે દૂધમાં રહેલા ઘીની માફક છે. જેથી તેને દેખવા સહેલાં નથી. જ્યારે આંતરજગતમાં પ્રાણ અને ચેતના સહેલાઈથી દેખી શકાય છે.

પ્રાણ અને ચેતના જોવા, જાણવા અને અનુભવવા માટે સાધકમાત્રને પ્રકાશ બાધક છે અને અંધકાર સહાયક છે, કારણ કે પ્રકાશને ગતિ છે અને અંધકારને સ્થિરતા છે. જ્યાં ગતિ છે ત્યાં વાતાવરણની આવજાવ છે. પ્રકાશથી આપણે ઊભું કરેલું શુદ્ધ વાતાવરણ ગતિમાન થઈને વિશ્વમાં ચાલ્યું જાય છે અને વિશ્વનું કલુષિત વાતાવરણ આપણા તરફ આવે છે. આ રીતે વાતાવરણના હલનચલનથી સાધકનું અંતઃકરણ પણ હાલતું રહે છે.

જ્યાં સુધી અંતઃકરણ સ્થિર થાય નહિ ત્યાં સુધી દૃષ્ટિ સ્થિર થાય નહિ અને દૃષ્ટિ સ્થિર થાય નહિ ત્યાં સુધી પ્રાણ અને ચેતનાનો અનુભવ થવો શક્ય નથી. માટે જ અંધકાર સહાયક છે, કારણ કે અંધકાર સ્થિર તત્ત્વ છે અને પ્રકાશ કરતાં અનેક ઘણી તાકાતવાળું છે. તેથી બહારનું કલુષિત વાતાવરણ આપણને સ્પર્શી શકતું નથી અને આપણાં અંતઃકરણમાં તૈયાર થયેલું શુદ્ધ વાતાવરણ બહાર જઈ શકતું નથી. તેથી આપણું ચિત્ત અને આપણી દૃષ્ટિ પૂર્ણ તાકાતવાન બને છે.

અંતે ચેતનાનો સ્વાનુભવ થાય છે. ૐ આનંદ આનંદ આનંદ.

'હિમાલયમાં દિવ્યાનંદ', પ્ર.આ. પૃષ્ઠ ૪૨ ❑

## (૪) મહાસતી શ્રીગોદાવરી માતાજી (૩)

અનુ. જ્યોત્સ્નાબહેન

*(માર્ચ, ૨૦૧૯ના અંકના અનુસંધાને)*

શ્રીઉપાસના બાબાની મધ્યાહ્નની આરતી શ્રી બાપુ સાહેબ જોગ ઉતારતા હતા. તેમના દેહાંત બાદ શ્રી કેશવ સ્વામી તે આરતી ઉતારતા હતા, પરંતુ તે પહેલાં શ્રીબાબાને કપાળે તિલક કરી એક રુદ્રાક્ષની માળા તેમની ડોકમાં પહેરાવતા. આ માળા અક્કલકોટના સ્વામી તરફથી શ્રીસાંઈબાબાને મળી હતી. શ્રીસાંઈબાબાએ એ માળા પરંપરાની રીતે શ્રીબાબાને આપી હતી.

એક દિવસ કોણ જાણે શું થયું કે આરતીના સમયમાં ખાસ કંઈ બહુ મોડું થયું ન હતું તોપણ તેને નિમિત્ત બનાવી શ્રીબાબા ગુસ્સો કરી ઘાંટાઘાંટ કરી કહેવા લાગ્યા કે લોકો કેટલા આળસુ થઈ ગયા છે ! સાદી આરતી પણ સમય પ્રમાણે કરાતી નથી. રોજ હું કહું છું કે પરમેશ્વરી સત્કર્મ સકારણ કરવામાં આવતું હોય છે, માટે તે કર્મ સમય સમય પ્રમાણે પદ્ધતિસર કરવું જોઈએ. શ્રીબાબાએ એક તરફ બડબડ કરતાં કરતાં પંચારતી તૈયાર કરી. મોઢેથી હાંક મારી, ‘ગોદે... આવ ચાલ... બેસ, પેલા પીંજરામાં તાબડતોબ’ ગોદાવરી આજ્ઞાનુસાર બેઠાં એટલે શ્રીબાબાએ ગોદાવરીના કપાળ ઉપર ચંદન તિલક કરી તેના ગળામાં પરંપરાગત રુદ્રાક્ષની માળા પહેરાવી દઈ, ‘જય દેવી જયદેવી, સદ્‌ગુરુ આઈ, માઝી ગોદાવરી’ ગાતાં ગાતાં શ્રીબાબાએ પોતે ગોદાવરીની આરતી ઉતારી. આમ કરીને શ્રીબાબાએ ગોદાવરીને શ્રીસદ્‌ગુરુના સ્થાને બેસાડી દીધાં. શ્રીગોદાવરી એક ક્ષણ માટે તો ચોંકી ગયાં. આખા શરીરે થર થર કંપ ઊઠ્યો. સ્વતઃનું જ્યોતિર્મય સ્વરૂપ તેની અંતદષ્ટિ સામે દેખાવા લાગ્યું. તે પછી થોડાક જ દિવસોમાં આ પછી શ્રીરંગરાવ વકીલે શ્રીગોદાવરીની આરતી રચી જેમાં શ્રીબાબાએ જરૂરી ફેરફાર કરી આપ્યો.

શ્રીગોદાવરીની નાની બહેન કમળા, ત્ર્યંબક તાત્યાની દીકરી ભીમા અને અન્ય કેટલીક કન્યાઓ શ્રીબાબાની સેવામાં રહેતી હતી. કન્યાઓ વિવાહ કર્યા વિના રહે એ શાસ્ત્રની વિરુદ્ધ ગણાતું હતું એટલે આ કન્યાઓનો વિવાહવિધિથી સ્વીકાર કરવા કન્યાઓના પાલક-વાલીમંડળે શ્રીબાબાને વિનંતી કરી. શ્રીબાબાએ આ વાતને માન્ય કરતાં કહ્યું કે, ‘આ લગ્ન વ્યાવહારિક લગ્ન સરખું બિલકુલ નથી. જ્ઞાનજ્યોત સ્વરૂપ પરબ્રહ્મને તમે કન્યાદાન કરો છો ? ઉંમરના અંતરનો વિચાર કરતાં આ કાશીનાથ ઉપાસની નામનો માણસ તમારી દીકરીનો પાલક ધર્મપિતા બની રહેશે. આ મર્યાદાનું ઉલ્લંઘન વ્યવહારામાં ક્યારેય થશે નહિ. આનાથી એક નવી સાંસ્કૃતિક પરંપરાની દીક્ષાવિધિ રહેશે અને દીકરીઓએ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીને આ સ્થાનના આદર્શ પ્રમાણે પોતાનું જીવન જીવવું પડશે.’

તુલસીવિવાહના મુહૂર્ત વખતે બાબા શાસ્ત્રવિધિથી એ પાંચેય સુકન્યાઓથી વિવાહબદ્ધ થયા અને એ છોકરીઓએ પોતાનાં નામની આગળ ‘કન્યાકુમારી સતી’ એ સન્માનજનક બિરુદ લગાડવાં લાગ્યાં. શ્રીબાબાએ આ કન્યાઓની દેખરેખ અને કેળવણી માટે વિચારપૂર્વક પોતાનાં

પૂજ્ય માતુશ્રીને તેડાવી લઈ સાકુરી સ્થાનમાં કન્યાઓની સાથે રાખી લીધાં.

સને ૧૯૩૪ના ફેબ્રુઆરીના 'કિર્લોસ્કર' નામના મુખપત્રમાં એક લેખ છપાયો. શ્રીબાબાએ કન્યાઓ સાથે જે વિવાહવિધિ કરી તેની ટીકા અને વિરોધ તેમાં હતો. શ્રી કિર્લોસ્કરે કોપરગાંવની કોર્ટમાં શ્રીબાબા સામે કેસ દાખલ કર્યો. કેસનો ફેંસલો પોતાની વિરુદ્ધ આવશે એવો ખ્યાલ આવતાં શ્રી કિર્લોસ્કરે કેસ તો પાછો ખેંચી લીધો, પરંતુ વર્તમાનપત્રોમાં આવેલી ઊલટસૂલટ વિગતોથી મહારાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો. સાકુરીમાં હજારોની સંખ્યામાં જે ભક્તો આવતા હતા તેમની નિષ્ઠામાં ચાળણી લાગી ગઈ અને અનાવશ્યક ગરદી કમી થઈ ગઈ. સાકુરી સ્થાનનું સાંસ્કૃતિક, ધાર્મિક જીવનચક્ર નિયમિતપણે ચાલતું રહ્યું.

સને ૧૯૩૫માં ગોદાવરીની નાની બહેન કુસુમ અને અન્ય એક દીકરી કન્યાકુમારી તરીકે શ્રીબાબા સાથે વિવાહવિધિથી સમર્પિત થયાં. કુસુમનું કન્યાદાન સ્વતઃ તેમનાં માતાપિતા વાસુદેવરાવ અને રમાબાઈએ કર્યું. એટલે દેવદાસી એક્ટ-કાયદા નીચે કોર્ટમાં ફરિયાદ દાખલ થઈ. અનેક વર્તમાનપત્રોમાં વિગતો છપાવા લાગી. ગણતરી કરી શકાય એટલા જ ભક્તો આ સંકટ સમયે શ્રીબાબા સાથે રહ્યા.

કોર્ટમાં કન્યાઓએ સ્વમેળે અને સહેજ પણ ગભરાટ વિના જવાબ આપ્યો કે તેઓને સંસાર કરવાની ઇચ્છા નથી. જેથી ઈશ્વરસેવાના સારા માર્ગની તેઓએ દીક્ષા લીધી છે. આમ છતાં કોર્ટે શ્રીબાબાનો રૂ. ૧૦૦/- શ્રી વાઘમામા અને શ્રી ગોદાવરીનો પાંચ પાંચ રૂપિયા દંડ કર્યો. ભક્તોએ આ હુકમ સામે અપીલ કરી. આખરી ફેંસલામાં સૌને નિર્દોષ જાહેર કરાયા.

શ્રીઉપાસની મહારાજે તેમનાં પ્રવચનોમાં કહ્યું છે કે સ્ત્રી જાતિ એ ઐહિક સુખના ઉપભોગ માટે નથી. ચડઊતર કરવા માટે જેમ એક જ સીડી હોય છે તેને સંસારમાં આવવાનું, જગતમાં રહેવાનું અને મોક્ષપદે જવાનું સ્ત્રીરૂપ માયાના યોગથી જ થાય છે. સ્ત્રીઓને ધર્મવિદ્યા શીખવીને તેમના યોગથી હજારો પુરુષોને ખરા ઈશ્વરી સુખમાં લઈ જઈ શકાય છે. આ બન્ને વાત સ્ત્રીઓને સ્વાધીન છે.

શ્રી ઉપાસની બાબાએ કન્યાઓને શુદ્ધ ઉચ્ચારો અને સ્વર સહિત સંસ્કૃત મંત્રોનું ઉચ્ચારણ શીખવ્યું હતું. શ્રી ગોદાવરી દેવી એક એક અક્ષર ઉચ્ચારતાં અને તે અક્ષરના ઉદાત્ત અનુદાન-સ્વર સહિત ઉચ્ચારણ યજુર્વેદીય પદ્ધતિથી અનુસરીને જમણા હાથના લયબદ્ધ હાલચાલ કરી શકતાં હતાં. શાસ્ત્રી દેશમુખનો શરૂમાં સ્પષ્ટ મત હતો કે સ્ત્રીઓને વેદાધિકાર નથી, પરંતુ શ્રીબાબાનાં માતુશ્રીની ઇચ્છાનુસાર શાસ્ત્રીએ પૌરાણિક પદ્ધતિથી કન્યાઓને યજ્ઞવિધિ શિખવાડી હતી.

એક વખત આ બ્રહ્મચારિણી કન્યાઓ જ્યારે આ પ્રકારે યજ્ઞ કરી રહી હતી અને તાલબદ્ધ રીતે દ્રવ્ય હોમાઈ રહ્યાં હતાં ત્યારે શાસ્ત્રીજીએ પ્રત્યક્ષ જોયું કે સાક્ષાત્ મંત્રદેવતા હાથના ખોબામાં હવિર્ભાવ સ્વીકારી રહ્યા હતા. તેમનો આ અનુભવ એટલો દિવ્ય હતો કે એના તાર્કિક વિશ્લેષણની પણ એમને જરૂર ન જણાઈ. આ અનુભવ પછી કન્યાઓને અપવાદરૂપ વેદના અભ્યાસ માટે તેઓ અધિકારી ગણવા લાગ્યા હતા.

સને ૧૯૩૯ના જાન્યુઆરીના સૂર્યયજ્ઞ સમયે

સાકુરી સ્થાનમાં શ્રીમદ્ શંકરાચાર્ય ઉપસ્થિત થયા હતા. યજ્ઞમાં અગ્નિદેવને આપવાનો હવિર્ભાવ બે આંગળીઓની ચપટીમાં માય એટલો નાનો શો અને નાનાં છોકરાંઓને કોળિયો ભરાવીએ એટલી કાળજીથી અગ્નિમુખમાં જતો હતો. અપવ્યય ન હતો કે મિતવ્યય પણ ન હતો. સ્વચ્છતા પણ હતી. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ શ્રીમદ્ શંકરાચાર્યે શ્રીબાબાનાં અને કન્યાઓનાં આશ્ચર્યસહિત વખાણ કર્યાં હતાં. **'આવા પ્રકારનું કાર્યકરવા વાળું આ એક જ અખિલ હિંદુસ્તાનમાં એકમેવ સ્થાન છે.'**

શ્રીઉપાસની મહારાજે મહાસમાધિનો નિર્ણય કરી લીધો હતો. બધી કન્યાઓને પૂછી પૂછીને તેઓને કોની દોરવણી ગમશે તે બાબતમાં સૌનાં મન જાણી લીધાં હતાં. એકી અવાજે સૌએ શ્રીગોદાવરીનું નામ લીધું હતું.

સને ૧૯૪૧ના ડિસેમ્બરની ચોવીસ તારીખે સ્થાનની બધી જવાબદારી ૨૬-૨૭ વર્ષનાં સૌનાં 'આઈ' બનેલાં શ્રીગોદાવરી માતાના કોમળ સ્કંધ ઉપર મૂકી, શ્રીબાબાએ લીલા સંકેલી લીધી. શ્રીબાબાએ પોતાના મૃત્યુપત્રનો નમૂનો તૈયાર કરી રાખ્યો હતો. શરૂના ચાર વર્ષ શ્રીગોદાવરી સ્થાનની બહાર એક અપવાદ સિવાય નીકળ્યાં ન હતાં.

'બાબા જુએ છે જ' અને બાબાએ કહ્યું છે કે 'હું નથી એવું નથી, હું છું જ' તેનો સતત અનુભવ મળતો હતો. શ્રીબાબાએ નક્કી કરેલા નિયમ પ્રમાણે ચૈત્રમાં રામયાગ, વૈશાખમાં વિષ્ણુયાગ, અષાઢમાં ગુરુયાગ, ભાદ્રપક્ષમાં ગણેશયાગ, અશ્વિનમાં ચંડીયાગ, પોષમાં સૂર્યયાગ, માઘમાં રુદ્રયાગ એમ સપ્તયાગનાં આવર્તન ચાલુ જ રખાયા હતા. 'ગુરુ ગૌરવ'એ તેમનું લખેલું પ્રથમ પુસ્તક છે. સને ૧૯૫૧માં ગુડીપડવાના દિવસે માતાજીએ સાત કન્યાને દીક્ષા આપી પોતે ગુરુપદે બિરાજ્યાં.

સને ૧૯૯૦ના ઑગસ્ટ માસની અગિયારમી તારીખ, શ્રાવણ સુદ પાંચમના દિવસે શ્રીગોદાવરી માતાએ સમાધિ લીધી.

*(સંપૂર્ણ)*

'મહાસતી શ્રીગોદાવરી મતાજી', પ્ર. આ.માંથી સાભાર ❑

---

## (અનુસંધાન પેજ નં. ૨૫ નું ચાલુ)

હતો. તે પ્રમાણે અર્જુને શરીર સમતોલ રાખી તીર ફેંક્યું અને એ માછલાનો વેધ કર્યો.

આમાં નેત્રેંદ્રિયનો સંબંધ પ્રતિબિંબ સાથે થયો અને વૃત્તિનો સંબંધ બિંબ સાથે થયો. સિદ્ધાંતમાં નામરૂપની સાથે નેત્રને જોડીને અસ્તિ, ભાતિ અને પ્રિયરૂપ બ્રહ્મની સાથે વૃત્તિને જોડવી એ બાહ્ય દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ છે અને અંતરમાં ઊઠતી વૃત્તિઓના સાક્ષીપણા વડે આત્માનું ધ્યાન કરવું તે આંતર્ દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ છે. અભ્યાસના પરિપાક વડે રૂપના અવલંબન સિવાય પણ વૃત્તિ બ્રહ્માકાર થઈ શકે છે.

આવી રીતે પ્રબળ પુરુષાર્થ કરવાથી ધ્યાનની પરિપક્વ અવસ્થા થાય છે. તેને સવિકલ્પ સમાધિ કહે છે. અને સવિકલ્પ સમાધિની પરિપક્વ અવસ્થાને નિર્વિકલ્પ સમાધિ કહે છે.

જેને સમાધિ થાય છે તેને દૃઢ જ્ઞાન થાય છે. જેને તત્ત્વબોધ થયો હોય તેને જ મુક્તિ મળે છે. અને મુક્તાત્માને જ નિત્ય સુખનો અનુભવ થાય છે.

'ધર્માલાપ', ત્રીજી આ., પૃ. ૩૬૨ ❑

# (૫) શેખમહમદ મહારાજ

**અશોક હર્ષ**

ભારતની સંતપરંપરામાં મહારાષ્ટ્રનું યોગદાન ઘણું મોટું છે. જ્ઞાનેશ્વર અને તુકારામથી માંડી ગોરા કુંભાર તથા ચોખામેળા સુધીના અનેક સંતોએ એ ભૂમિને પાવન કરેલી છે, પરંતુ એ સંતપરંપરામાં એવાયે કેટલાક સંતો થઈ જાય છે, જેમના જીવનકાર્યની પ્રસિદ્ધિના અભાવે તે અન્ય સંતોના મુકાબલે અપ્રસિદ્ધ જ રહી જવા પામ્યા છે. એવા સંતોમાંના એક હતા - શેખમહમદ મહારાજ.

સંત તુકારામના સમકાલીન શેખમહમદનો જન્મ ઈ.સ. ૧૫૪૮માં મરાઠાવાડમાં આવેલા પુંડીવાહિરે નામના ગામમાં થયેલો. પિતાનું નામ રાજમહમદ. શેખમહમદ નાનપણથી જ સાંસારિક પ્રપંચથી દૂર રહેતા. પિતાએ તે સામે કશો વાંધો ન લીધો, પરંતુ તે ૧૬ વર્ષની ઉંમરે પહોંચતાં પિતાને થયું કે હવે તેને પોતાના ધંધામાં પલોટવો જોઈએ. આથી એક દિવસ તેના હાથમાં છરો પકડાવી તેમણે એક બકરાને વધેરવાનું કહ્યું.

શેખમહમદ છરો લઈને એક ઝાડ સાથે બાંધેલા બકરા તરફ વળ્યા કે બકરો પોતાનું ભવિતવ્ય સમજી જઈ આર્ત પોકાર કરવા લાગ્યો. શેખમહમદને થયું કે બકરાની ગરદન પર છરો ફેરવતાં પહેલાં મારાં આંગળાં પર તો જરા ફેરવી જોઉં કે તે કેવો લાગે છે ! એમણે તો વિચાર આવતાંની સાથે આંગળાં પર છરો ફેરવી દીધો. આંગળાંથી લોહી વહી નીકળ્યું અને પીડાનો કોઈ પાર નહિ. તેમને થયું, બકરાના ગળા પર છરો ફેરવતાં તેને પણ આવી જ પીડા થવાની. તેમણે એ જ ક્ષણે છરાને દૂર ફેંકી દીધો અને ચાલી નીકળ્યા, જ્યાં પોતાના પગ લઈ જાય ત્યાં.

તેમને થયું, પ્રાણીમાત્રમાં આત્મા તો એકસરખો જ છે તો પછી કોઈ પ્રાણીની આમ અકારણ હિંસા શા માટે ? ભૂતાનુકંપાપ્રેરિત આ વિચારતંદ્રામાં પોતે ક્યાં જઈ રહ્યા હતા તેનું પણ તેમને ભાન ન હતું. નહોતું ભૂખ કે તરસનું ભાન, નહોતું રાત કે દિવસનું ભાન જમીન પર ચાલ્યા કરતા, મનમાં ચિંતન ચાલ્યા કરતું.

આ ચિંતને શેખમહમદના મનમાં દઢ વૈરાગ્ય જન્માવ્યો. તેમણે તો બસ ચિંતનરતપણે ચાલ્યે જ રાખેલું. ત્યાં સામેથી રાજાની સવારી નીકળી. તેના સિપાઈઓએ શેખમહમદને તે કોણ છે, ક્યાંથી આવે છે, વગેરે સવાલો પૂછ્યા, પણ શેખમહમદે એકે પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. આ પરથી તેને એકાદ બેવકૂફ કે પાગલ સમજી તેને માથે મોટો બોજો લાદી પોતાની સાથે ચાલવા ફરમાવ્યું.

કેટલેક આગળ ગયા પછી સિપાઈઓનું ધ્યાન શેખમહમદ તરફ જતાં તેમણે જોયું કે પોતે તેના માથે મૂકેલો ભારે બોજો તેના મસ્તકને અડતો જ નહોતો, મસ્તકથી ઊંચે ને ઊંચે રહેતો હતો. તેમણે આશ્ચર્યમૂઢ બની ઊઠી રાજાને આ વાત કરી. રાજા પણ એ જોઈ વિસ્મિત બની ઊઠ્યો. ત્યાં સુધીમાં તો તેઓ ગોંદા અને માલવણ વચ્ચે આવેલા ખાકીબુવા ડુંગર પાસે આવી પહોંચેલા. અહીં શેખમહમદે પોતાના

માથા પરનો બોજો નીચે ઉતાર્યો - રાજાને પ્રતીતિ થઈ ચૂકેલી કે આ માણસ આ જન્મનો નહિ તો પૂર્વજન્મનો કોઈ યોગી હોવો જોઈએ, પરિણામે ઘોડા પરથી ઊતરી તેમની ક્ષમા માગી અને તેમને પ્રણામ કર્યા.

આ પછી રાજાની સવારી તેના રસાલા સાથે આગળ નીકળી ગઈ. એકલા શેખમહમદે શ્રીગોંદાનો માર્ગ પકડ્યો. આ ગામનું સૃષ્ટિસૌંદર્ય અને પ્રસન્ન વાતાવરણ જોઈ તેમણે ત્યાં જ પોતાનો મુકામ રાખવાનું નક્કી કર્યું. ત્યાંથી આગળ જવા પગ જ ઊપડતા નહોતા, એટલે એને ઈશ્વરેચ્છા સમજી ત્યાં જ રોકાઈ પડ્યા.

શ્રીગોંદાની જનતાએ તો એક સંતના પોતાના ગામે વાસથી પોતાની જાતને કૃતકૃત્ય માની લીધી. જન્મે મુસલમાન, છતાં રામનામનો જાપ કરતા શેખમહમદને કબીરનો બીજો અવતાર માની લીધા. એમને એક ઝૂંપડી ઊભી કરી આપી. ઝૂંપડીમાં બપોરે પુરાણવાંચન અને રાતે ભજન-કીર્તનનો શેખમહમદનો નિત્યક્રમ બની રહ્યો.

પોતાના શાંત, સુશીલ, પ્રેમાળ સ્વભાવથી લોકોનાં દિલ જીતી લેનાર શેખમહમદને લોકો ‘મહારાજ’ તરીકે સંબોધવા લાગ્યા. નજીકના અને દૂરના અનેક લોકો તેમને સાંભળવા આવવા લાગ્યા, જેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ હતો. એમાંની એક સ્ત્રી તો નિયમિત કથા-શ્રવણ માટે આવતી. તેનો આ નિત્યક્રમ તેના પતિને માટે શંકાનો વિષય થઈ પડ્યો. ‘આ રીતે રોજ તું ક્યાં ઊપડે છે ?’ તેણે એક દિવસ પૂછી જોયું. પત્નીએ સાચેસાચો જવાબ આપી દેતાં તે બોલ્યો, ‘કથાકીર્તન સાંભળવા જેટલી ઘરડી તું હજી નથી થઈ. ખબરદાર, જો હવે ગઈ છે તો !’ અને તે સ્ત્રીનું આગમન બંધ થઈ ગયું.

એક દિવસ એ સ્ત્રીનો પતિ બહારગામ જતાં તે કેમ નહોતી આવતી એવો સવાલ શેખમહમદ મહારાજે કરતાં તેણે તેના પતિએ તેને કહેલાં વાક્યો કહી સંભળાવ્યાં. આ સાંભળી મહારાજના મોંએથી સહજ ઉદ્ગાર નીકળી પડ્યા કે, ‘તું તારા પતિને ઘરડી જ દેખાવાની.’

અને ખરેખર, બહારગામ ગયેલો પતિ ઘેર પાછો ફર્યો ત્યારે પોતાની પત્નીના સ્થાને ઘરમાં એક ડોશીને જોઈ તે નવાઈ પામ્યો અને અડોશપડોશમાં પૂછી જોયું. પડોશીઓએ તેની પત્ની ઘરમાં જ હોવાનું જણાવતાં તે પાછો ફર્યો અને પેલી ડોસીને સંબોધી પૂછ્યું, ‘તું કોણ છે ? મારી ઘરવાળી ક્યાં છે ?’ પત્નીએ પોતે જ તેની ઘરવાળી હોવાનું જણાવીને તેની ગેરહાજરીમાં બનેલી સર્વ ઘટના કહી સંભળાવી. તરત એ તો પત્નીને લઈને શેખમહમદ મહારાજ પાસે ઊપડ્યો. એમને પગે મસ્તક મૂકી પોતે કરેલી ભૂલ બદલ ક્ષમા માગી. મહારાજ હસતાં હસતાં બોલ્યા, ‘તારી પત્ની તો એની એ જ છે, તારી દૃષ્ટિમાં ફેર હતો. હવે ફરી જોઈ જો એને.’ અને એણે જોયું તો પોતાની પત્ની એને હતી તેવી જ જુવાન દેખાઈ.

એકવાર વિશાળ જનસમુદાય વચ્ચે મહારાજ કીર્તન કરી રહ્યા હતા, ત્યાં એકાએક કીર્તન બંધ કરી દઈ તેમણે બન્ને હાથ લાંબા કરી ચોળવા માંડ્યા અને પછી પાછા કીર્તન શરૂ કર્યા. શ્રોતાગણ આથી આશ્ચર્યમાં પડી

ગયો અને કશી સમજ ન પડતાં તેમાંના એકે પૂછી જોયું, ‘આ તમે શું કર્યું મહારાજ ?’

‘અત્યારે તુકારામ મહારાજનાં કીર્તન ચાલુ છે. બધા જ એ સાંભળવામાં મગ્ન હોઈ મંડપમાં એક ઠેકાણે લાગેલી આગ તરફ કોઈનું ધ્યાન ન હતું એટલે મેં કશી ખુવારી થાય એ પહેલાં આગ બુઝાવી દીધી.’

અને શ્રોતાઓએ જોયું કે મહારાજના હાથે ફોલ્લા ઊપડી આવ્યા હતા. આમ છતાં કેટલાકને વિશ્વાસ ન આવતાં તત્કાળ બેચાર જણને તુકારામનાં કીર્તન જ્યાં ચાલુ હતાં એ દેહુ ગામે મોકલી આપતાં મંડપમાં લાગેલી આગની વાત સાચી નીકળી. એની ઝાળથી મંડપનો બળેલો ભાગ તેમણે પ્રત્યક્ષ જોયો.

ગોંદા મુકામે ચાર સંત રહે છે, એ હકીકતથી ખુદ તુકારામ પણ વાકેફ હતા. શેખમહમદ મહારાજ ઉપરાંત બીજા ત્રણ સંત હતા. પ્રહ્લાદ મહારાજ, રાવળબુવા અને ગોદડબુવા. ચારે અવારનવાર ભેગા મળી આધ્યાત્મિક ચર્ચા કરતા. એકવાર એ ચારે સંતોના સમાગમ માટે તુકારામ સામેથી ચાલીને આવ્યા. દેવળગાંવના રસ્તે આવેલા ગણપતિના મંદિર નજીક પાંચેની બેઠક મળી. એ બેઠકના સ્મારકરૂપે ગામલોકોએ ત્યાં એક ચોતરો બનાવેલો છે. હર સાલ તુકારામ બીજના દિવસે લોકો અહીં ઉત્સવ મનાવે છે અને ભંડારો પણ કરે છે.

બડગાંવના જયરામસ્વામીએ ગોકુલાષ્ટમીના ઉત્સવ નિમિત્તે શેખમહમદ મહારાજને પોતાને ત્યાં નિમંત્ર્યા. ભોજનવેળા થતાં તેમણે બ્રાહ્મણોની પંગત સાથે શેખમહમદ મહારાજને પણ જમવા બેસાડી દીધા. કેટલાક ચુસ્ત બ્રાહ્મણોએ આનો વિરોધ કરતાં મહારાજે પોતાની છાતીની ચામડી ચીરી તેની નીચેની જનોઈ બ્રાહ્મણોને બતાવી તેમને અને સૌ કોઈને ચકિત કરી દીધા. શ્રી સમર્થ રામદાસસ્વામી પણ એ પ્રસંગે ત્યાં ઉપસ્થિત હતા અને આ તાલ જોઈ ત્યાં જ તેમણે આ અભંગ ઉચ્ચારેલો.

‘આમ્હી જાતીએ જાતીએ બ્રાહ્મણ,
આમચે સોયરે મુસલમાન.’

પુંડીવાહિરે ગામમાં રહેતા મુધોજી તેલી નામના એક શ્રીમંત ગૃહસ્થને ત્યાં એકવાર દરોડો પાડી બદમાશો તેનું સઘળું દ્રવ્ય તો લૂંટી ગયા, પણ મારીમારીને તેના હાથપગ તોડી નાખ્યા. બીજે દિવસે ડોળીમાં તે શ્રીગોંદા મુકામે શેખમહમદ મહારાજ પાસે આવી પહોંચ્યો અને સઘળી હકીકત તેમને વિદિત કરી. મહારાજે તેને સાંભળી લીધા પછી તાંબાના લોટામાં પાણી મંગાવ્યું અને તે મુધોજી તેલીના અંગ પર ઘસતાં જ અપંગ બની ગયેલા એના હાથપગ પૂર્વવત્ ચાલતા થઈ ગયા. મુધોજી ત્યારથી તેમનો પરમ ભક્ત બની તેમના સાંનિધ્યમાં રહી તેમની સેવાચાકરી કરવા લાગ્યો અને મહારાજના સમાધિકાળ સુધી તેમની સાથે રહ્યા.

મહારાજે પોતાના જીવતાં જ પોતાનું સમાધિમંદિર ચણાવવા માંડેલું જેની તમામ દેખરેખ આ મુધોજી રાખતો. એ તૈયાર થવા આવતાં મહારાજે મુધોજીને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, ‘મુધોજી, હવે અમારે નિજધામ જવાનો સમય થવા આવ્યો છે, તો તમે તમારે ગામ પાછા ફરો.’ મુધોજીએ જવાબ

આપ્યો, 'સારું મહારાજ, હું પણ આજે જ ઊપડું છું,' અને આમ કહી તે મહારાજના સમાધિમંદિરના પગથિયે જઈને લાંબો પડ્યો અને તત્કાળ ત્યાં જ પ્રાણ તજી દીધા. 'નામદેવની પાયરી' પ્રમાણે આ પગથિયું પણ 'મુધોજીની પાયરી' તરીકે ઓળખાય છે અને મુધોજીએ શ્રાવણ સુદ ૬ના રોજ પરલોકપ્રયાણ કર્યું હોઈ મહારાષ્ટ્રનો તેલી સમાજ આજ સુધી તેની એ પુણ્યતિથિ ઊજવે છે. તે દિવસે ભંડારો પણ કરે છે.

મહારાજ હવે નિજધામ સિધાવવાના છે એ જાણી ગામ-પરગામની મોટી મેદની જમા થઈ અને ભજનકીર્તન ચાલુ થઈ ગયાં. મહારાજે એકત્ર થયેલી મંડળીને સંબોધીને પોતાની પછી પણ સેવાકાર્ય ચાલુ રાખવાનું જણાવ્યું. બાદ રામનામ જપતાં સમાધિમંદિરની પ્રદક્ષિણા કરી અંદર પ્રવેશ્યા, અને કોઈ દર્શન નિમિત્તે પણ અંદર ન પ્રવેશે એટલે એના મુખદ્વાર આડી શિલા મુકાવી દીધી.

મહારાજે સમાધિ લઈ લીધા બાદ એક વર્ષે શ્રીગોંદાની આસપાસ જબરો દુકાળ પડ્યો. શ્રીગોંદામાં એ વખતે ઉત્તમચંદ શેઠ નામના એકપરોપકારી વેપારી રહેતા હતા. સ્વપ્નમાં તેમને શેખમહારાજે કહ્યું કે, 'હું ખાકીબુવાના ડુંગર પર છું, ત્યાં આવો એટલે વરસાદ પડશે.' ઉત્તમચંદ શેઠે વિષ્ણુશિપી જે એ ગામના પટેલ હતા તેમને આ વાત કરી અને આખું ગામ પટેલના સફેદ ઘોડા પર શેખમહારાજનો 'યોગસંગ્રામ' ગ્રંથ મૂકી ભજનકીર્તન કરતા વાજતેગાજતે ખાકીબુવા ઊપડ્યું. ત્યાં એક બાજુ ભજનકીર્તન ચાલુ થયાં, બીજી બાજુ વરસાદ શરૂ થયો અને સર્વલોક એમાં ભીંજાતાં ભીંજાતાં પાછા ફર્યા.

શેખમહમદ મહારાજે પોતાની હયાતી દરમિયાન ત્રણ ગ્રંથો લખેલા : 'યોગસંગ્રામ', 'પવનવિજય' તથા 'વિત્તકલંકપ્રબોધ'. આમાનાં પહેલા બે ઓવીમાં છે, ત્રીજો અભંગ રચનામાં. આજેય દર વર્ષે ફાગણ સુદ ૧૧ના દિવસે એમની યાત્રા નીકળે છે, જેમાં હિંદુ-મુસલમાન બધા સાથે રહી ભજન ગાતા નીકળે છે. દર ગુરુવારે એમની સમાધિનાં દર્શને અનેક લોકો આવે છે અને રોકડથી માંડી વિવિધ વસ્તુઓ ભેટ ચડાવે છે.

'કિશોરચરિત માળા-૧' પ્ર.આ. ❑

**ગયેલા આત્માને**

**હરિઃૐ આશ્રમ, સુરતના વ્યવસ્થાપક મંડળમાં સક્રિય સેવાઓ આપનાર સદ્‌ગત શ્રી મનસુખભાઈ જોષીના તેમ જ શ્રી ગિરધરભાઈ, શ્રી ઈચ્છાશંકર, શ્રી શિવલાલ અને શ્રી કાંતિલાલનાં માતુશ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જોષી રહે. દેગવડા, મહુવા (સૌરાષ્ટ્ર) હાલ કડોદરા (સુરત)નો તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ ૯૦ વર્ષની વયે દેહાંત થયો છે. સદ્‌ગતશ્રીના પરિવારના યજમાનપદે પૂજ્ય શ્રીમોટાના રામનવમીના ઉત્સવ સને ૧૯૯૩માં અને સને ૨૦૧૮માં યોજાયા હતા.**

**બાપા સીતારામનો સદ્‌ગત કમળાબા અને તેમના પરિવાર સાથે ઘરોબો રહેલો.**

**સદ્‌ગતના ઉચ્ચ આત્માનું શ્રીહરિ સર્વ પ્રકારે શ્રેય પ્રેરે એવી ભાવના અને પ્રાર્થના છે.**

**- સંપાદક**

## (૬) પ્રેમનું મૂળ ભાવ, ભાવનું મૂળ ચેતન

શ્રીમોટા

**જીવનમાં જેમ જે પ્રકારના સંસ્કાર તે પ્રકારની જીવનમાં ગતિ અને મતિ રહે છે.** જોકે પ્રાણ તે પ્રકારના રહેતા નથી તોપણ ઉત્તમ પ્રકારના જેના જીવનમાં સંસ્કાર છે, તેનો કંઈક દાબ પ્રાણની ઉચ્છૃંખલતા ઉપર હોય છે ખરો. આ હકીકત અનુભવની છે અને બુદ્ધિને કબૂલવામાં વાંધો આવે તેવી નથી. તેવી જ રીતે જીવનમાં જે પ્રકારનો ઉત્કટ પ્રેમ છે તે પ્રકારની સમજણ, ગતિ જરૂર રહે છે. અને પ્રેમની બાબતમાં વિશેષતા તો એ છે કે મન પણ તેમ રહી શકે અને પ્રાણની ઉચ્છૃંખલતાઓ પણ જરૂર શમે છે.

સંસ્કાર કરતાં જીવનમાં પ્રેમનું મહત્ત્વ વિશેષ છે. પ્રેમ કરતાં પણ ભાવનું મૂલ્યાંકન જીવનમાં શ્રેષ્ઠ છે. એવો ભાવ પ્રગટતાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ પણ તેના રાગમાં રહે છે, એ એની સવિશેષતા છે, પરંતુ એવો ભાવ સહજમેળે જાગી જતો નથી. પહેલાં તો પ્રેમ જાગે છે. પ્રેમ જાગ્યા વિના ભાવ જાગી શકે નહિ. એટલે આ માર્ગમાં પ્રેમ - અને તે પણ ઘણા ઉચ્ચ પ્રકારનો, એ સાધકને માટે ઘણો ઘણો મહત્ત્વનો છે. પ્રેમ એની ઉચ્ચમાં ઉચ્ચતમ કક્ષાએ પહોંચે નહિ ત્યાં સુધી હૃદયથી હૃદયમાં હૃદયને શુદ્ધ અને પૂરેપૂરું સમર્પણ કરવાની તાકાત મેળવી શકાતી નથી. જેવા પ્રકારનો પ્રેમ એવા પ્રકારનું મનનચિંતવન રહ્યા કરે એ પણ સમજાય તેવું છે. એટલે પ્રેમ જેના પરત્વે જાગે એના સત્ત્વમાં અને તેનામાં મન પરોવાઈ જઈને તેમાં લય પમાડવાનું કામ પણ પ્રેમ કરી શકે છે. પ્રેમ તદ્રૂપ બનાવી દે છે. એવાં પ્રેમનાં પ્રભાવ અને લક્ષણ છે. 'પ્રેમલક્ષણા ભક્તિ' એ ભક્તિનું ઉત્તમ સ્વરૂપ છે. ભક્તિનું સ્વરૂપ એકાકાર થઈ જવું, તે એવા પ્રેમ વિના ના બની શકે.

ત્યારે હવે પ્રશ્ન થાય કે પ્રેમ કેવી રીતે પ્રગટાવવો ? પહેલાં જીવદશામાં તો મોહ, રાગ, આસક્તિ આપણને થાય અને પછીથી એમાં વિવેકશક્તિ વડે કરીને આપણે તેને શુદ્ધ સ્વરૂપમાં કેળવતાં જઈએ. મોહ આપણને એકની એક સ્થિતિમાં તામસ વડે કરીને જડતામાં જ બંધાવી રાખે. રાગ અને આસક્તિ એનાથી કંઈક જરા ઊંચી કક્ષાના કહેવાય. મોહ પોતાનું સ્વરૂપ બદલતો નથી. જ્યારે પ્રેમ તો એકની એક પરિસ્થિતિમાં આપણને જકડાવી રાખતો નથી. પ્રેમનું સ્વરૂપ સત્ત્વની સાથે એટલે કે સત્ત્વની ભૂમિકાવાળું રજોગુણથી જોડાયેલું હોય - જોકે તેનાથી પણ ઊંચી કક્ષાનો પ્રેમ છે - તેમાં પ્રેમનો ઝડપી વિકાસ અને ગતિ થયા કરે છે.

આ સમજણની દૃષ્ટિએ જોતાં અને વિચારતાં જેને આપણે જીવનના ગુરુ ગણીએ, માનીએ કે સ્વીકારીએ તેનામાં ઉચ્ચમાં ઉચ્ચ પ્રકારનો પ્રેમ આપણા હૃયમાં જાગી જાય, એટલું જ નહિ એની સુવાસ માત્ર નહિ, પરંતુ એનું અસ્તિત્વ અને એની નક્કર હાજરી આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અને હૃદયમાં પ્રગટ થઈને પ્રસરી જાય ત્યારે જ ગુરુની ચેતનાશક્તિ આપણામાં કામ કરતી બની શકે છે. પ્રેમ એ તો કેળવાતાં કેળવાતાં કેળવાય છે. પ્રેમને મર્યાદાઓ નથી. **પ્રેમનું મૂળ ભાવ છે, ભાવનું મૂળ ચેતન છે.**

'જીવન સોપાન', બી. આ., પૃ. ૨૩ ❑

## (૭) જીવવું-મરવું શીખવે એ અધ્યાત્મ

**વિમલા ઠકાર**

સંત તુકડોજી મહારાજ સાથે (મારે) બાળપણથી જ સંબંધ રહ્યો. એમની અંતિમ અવસ્થામાં એમને કૅન્સરની બીમારી આવી. શરીરમાં તો વિલક્ષણ કષ્ટ હતું. એ સમયે હું નોર્વે હતી. મને યાદ કરી. હું નોર્વેથી ભારત આવી. એમના આશ્રમમાં એમનાં દર્શન માટે ગઈ, તો એમણે કહ્યું કે વિમલા, અમારા શરીરમાં કૅન્સરે પરિષદ ભરી છે. છ મહિના થઈ ગયા, પરિષદ ખતમ જ નથી થતી. કદાચ અમને જ ઉઠાવીને લઈ જાય એમ પણ બને.

સાડા ત્રણ વાગ્યે ઊઠવાનો એમનો ક્રમ. લોહીની ઊલટીઓ થઈ રહી હતી. નાકમાં ટ્યૂબ નાખી હતી. સ્પંજ કરીને સાડાત્રણ વાગ્યે પથારીમાં એમને બેસાડવા પડતા. ચાર વાગ્યે અમે ત્યાં પહોંચી જતાં. પ્રાર્થના કરતાં મહારાજ ઊલટીઓની વચ્ચે પણ ભજન રચતા જતા હતા.

આવી ભયાનક બીમારીમાં એમનું શરીર તો હાડકાંનો માળો બની ગયું હતું, પરંતુ એમની આંખોમાં મેં વિષાદ જોયો નથી. એમણે મને કહ્યું કે જીવવું કેવી રીતે, એ તો તેં મારી પાસે જોઈ લીધું છે. મરવું કેવી રીતે એ જોવા માટે તને બોલાવી છે. **જે જીવવું અને મરવું શિખવાડી દે છે એનું નામ અધ્યાત્મ છે.**

ઘર્ષણ, ફરિયાદ, આત્મનિંદા, વિષાદ, ઉદ્વેગ વગર જીવવાનું. દુઃખમાં કોઈ સિદ્ધાંતથી એને ઢાંકી દેવાની ઇચ્છા થાય છે. 'મારું કોઈ કર્મ હશે, એટલે આવું થઈ ગયું.' પ્રભુની ઇચ્છા હશે એટલે થયું. અરે, પ્રભુની ઇચ્છા છે તો હાથ ફેલાવી પ્રભુનો પ્રસાદ છે એમ માનીને સ્વીકારી લોને ! ના, એ તો નથી થતું. નિરુપાય બનીને પ્રારબ્ધ ઉપર દોષ ઢોળીને હતાશ નિરાશ થવાનું બને છે.

હતાશ નિરાશ થવાનું સ્થિતપ્રજ્ઞ ભક્ત કેવી રીતે જાણશે ? ભક્તનું ચિત્ત પ્રભુમાં લીન છે. સ્થિતપ્રજ્ઞનું ચિત્ત આત્મામાં લીન છે. બન્ને એક જ છે. જે દેહમાં સમાયો છે એને આત્મા કહ્યો. વિશ્વવ્યાપી બનીને વિશ્વના રૂપમા સજીધજીને બેઠા છે એમને પરમાત્મા કહ્યા. અસલ ચીજ તો એક જ છે.

દુઃખ એ પાછલા જન્મોનાં કર્મનું ફળ છે. એટલે નિરુપાય બનીને ભોગવવાની લાચારી ન જોઈએ. સહન કરવું, વહન કરવું અને એમાંથી પસાર થઈ જવું. દુઃખથી ભાગવાનું નથી. એની ઉપેક્ષા પણ કરવાની નથી. આ સંસ્કૃતિ દુઃખનો સ્વીકાર કરવાનું શિખવાડે છે. સુખ આવ્યું તોપણ ચિત્ત ઉદ્વિગ્ન થાય છે કે આજે તો મળ્યું કાલે મળશે કે નહિં ? સુખની અનુભૂતિ સાથે સ્પૃહા નામની બીમારી પેદા થાય છે. દુઃખમાં અહંકારને ઠેસ લાગે છે. એ ચેન પડવા દેતો નથી અને સુખમાં સ્પૃહા ચેન પડવા દેતી નથી. સુખની ક્ષણોમાં સ્પૃહા અને દુઃખની ક્ષણોમાં વિષાદ સ્પર્શ નથી કરતો એવું જ્યારે જુઓ ત્યારે સમજી લેજો કે ત્યાં સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ જ છે.

જે કર્મ-ક્રિયા ચિત્તનું સુખ આપનારાં છે, એમાંથી રાગ પેદા થાય છે. જે કર્મ-ક્રિયા આપણે જે અપેક્ષા, કલ્પના અને અનુમાન રાખતાં હતાં તે સુખ ન આપી શક્યાં તો એના પ્રત્યે દ્વેષ થાય છે. **રાગદ્વેષ વગર સંબંધોમાં જીવવાની કલા હાંસલ કરવાની છે.** જ્યાં રાગ શબ્દનો પ્રયોગ છે ત્યાં દ્વેષ અધ્યાહાર છે. જ્યાં ભય પણ નથી, ક્રોધ પણ નથી, રાગ નથી, દ્વેષ નથી એવો વ્યવહાર જે કરે છે એવી વ્યક્તિને સ્થિતપ્રજ્ઞ કહે છે.

'स्थितप्रज्ञस्य का भाषा', બી.આ., પૃ.૧૦ ❑

# (૮) સંતને સેવે ત્યારે સંત સરખો થાય

**સ્વામી સહજાનંદ**

(સંવત ૧૮૭૭ના અષાઢ સુદ ત્રીજના દિવસે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા. મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.)

**શ્રીજીમહારાજ :** સર્વે સંત સાંભળો, એક પ્રશ્ન પૂછીએ છીએ. દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે અને એ આઠ ભૂંડાં હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. માટે એ આઠેમાં પૂર્વસંસ્કાર કર્મનું કાંઈ જોર છે કે નથી ?

**મુનિ :** પૂર્વકર્મનું જોર જણાય છે તો ખરું. જો સારાં પૂર્વકર્મ હોય તો પવિત્ર દેશને વિશે જન્મ આવે અને ભૂંડાં પૂર્વકર્મ હોય તો ભૂંડા દેશને વિશે જન્મ આવશે. તેમ જ કાળાદિક સાત છે. તેમાંથી પણ જેવાં પૂર્વકર્મ હોય તેવાનો યોગ બને છે. માટે સર્વેમાં પૂર્વકર્મનું પ્રધાનપણું જણાય છે. દેશકાળાદિક જે આઠ તેનું તો કોઈક ઠેકાણે પ્રધાનપણું હોય અને પૂર્વકર્મનું તો સર્વે ઠેકાણે પ્રધાનપણું છે.

**શ્રીજીમહારાજ :** દેશકાળથી લઈને દેવતા, જે પરમેશ્વર પર્યંત સર્વને વિશે પૂર્વકર્મને પ્રધાન કહો છો તે કયા શાસ્ત્રના મતે કહો છો ? એક કર્મનું જ પ્રધાનપણું તો જૈન શાસ્ત્રમાં છે, પણ બીજામાં નથી. બીજા શાસ્ત્રમાં તો પરમેશ્વર અને પરમેશ્વરના ભક્તનો સંગ તેનું જ પ્રધાનપણું છે.

તમે કેવળ પૂર્વકર્મનું પ્રતિપાદન કરો છો તે ઉપરથી સત્સંગી છો કે છાના નાસ્તિક છો ? કેમ કે નાસ્તિક વિના બીજો તો કોઈ કર્મનું પ્રતિપાદન કરતો નથી. અને જો પૂર્વે કર્મે કરીને દેશાદિક આઠ ફરતા હોય તો મારવાડને વિશે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે, તેમને અર્થે સો હાથ ઊંડાં પાણી હતાં તે ઉપરછલાં થયાં નથી. મારવાડ દેશમાં તો પાપી હોય અથવા પુણ્યવાળો હોય પણ પાણી તો ઊંડાં જ છે. માટે દેશકાળાદિક તો પૂર્વકર્મનાં ફેરવ્યાં ફરે નહિ. માટે જે પોતાનાં કલ્યાણને ઇચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહિ. દેહરૂપ જે સારો દેશ હોય તેને વિશે જીવ હોય ત્યારે શીલ, સંતોષ, દયા, ધર્મ ઇત્યાદિક જે કલ્યાણકારી ગુણ તે વર્તતા હોય અને દેહરૂપ જે ભૂંડો દેશ તેને વિશે જીવ રહ્યો હોય ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઇત્યાદદિ ભૂંડા ગુણ વૃદ્ધિ પામે છે અને સારો ભૂંડો જે સંગ થાય છે તેની વિગત એમ છે-જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ ત્યારે તેનો સંગ થયો જાણવો, કારણ કે ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે, પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉંનું છેટું રાખે છે, એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય. મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય. માટે આવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વરનો અથવા પરમેશ્વરના ભક્તનો જ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય, પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.

**ત્યાગાનંદ સ્વામી :** ભગવાન રાજી કેમ થાય ?

**શ્રીજીમહારાજ :** જેને ભગવાનને રાજી કરવા

હોય તેને તો દેહના સુખને ઇચ્છવું નહિ અને દર્શનનો પણ લોભ રાખવો નહિ. ભગવાન જેમ કહે તેમ કરવું એ જ ભગવાનને રાજી થયાનું સાધન છે.

**લક્ષ્મણાનંદ સ્વામી :** ભગવાન અને ભગવાનના સંતનો જે સમાગમ તે આશ્ચર્ય સરખો કેમ સમજીએ ત્યારે જણાય અને આઠે પહોર અહો અહો સરખું કેમ રહે ?

**શ્રીજીમહારાજ :** જે ભક્ત એમ સમજે જે 'આ ભગવાન અને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત અને પરમેશ્વર જ્યાં બિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝૂલતો રહે.

**પરમાત્મનંદ સ્વામી :** એકાદશ સ્કંધમાં સંતનાં જે ત્રીસ લક્ષણ કહ્યાં છે, તે શો ઉપાય કરે તો આવે ?

**શ્રીજીમહારાજ :** જે ત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિશે ગુરુબુદ્ધિ અને દેવબુદ્ધિ રાખીને મન, કર્મ, વચને એનો સંગ કરે તો એ સંગના કરનારને વિશે પણ એ ત્રીસ લક્ષણ આવે છે. એવી રીતે સર્વશાસ્ત્રમાં કહ્યું છે કે **'સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે.'**

**વેદાંતાનંદ સ્વામી :** જેણે પ્રથમ કાંઈક ગોબરું વર્તાણું હોય પછી તે શો ઉપાય કરે ત્યારે તેની ઉપર ભગવાન અને ભગવાનના સંત રાજી થાય ?

**શ્રીજીમહારાજ :** જે પોતામાં ભૂંડો સ્વભાવ હોય તેને દેખીને ભગવાન અને ભગવાનના સંત કુરાજી થતા હોય તે સ્વભાવ સાથે જ્યારે વૈર કરીએ ત્યારે. જેને જે સાથે વૈર હોય તે તો સર્વ જગત જાણે એવું હોય. તે સંતને પણ ખબર પડે પછી સંત તો તે સ્વભાવના વૈરી છે, તે આપણા પક્ષમાં ભળીને આપણી ઉપર દયા કરે અને જે પ્રકારે તે સ્વભાવને જીતીએ એવો ઉપાય બતાવે અને જ્યારે એવી રીતે વર્તીએ ત્યારે ભગવાન અને ભગવાનના સંત આપણા ઉપર પૂર્ણ દયા કરે અને જ્યારે હરિની અને હરિજનની જે ઉપર દયા થાય ત્યારે તેને હૈયામાં અતિશય સુખ વર્તાયા કરે અને કલ્યાણના માર્ગે ચાલ્યાથી સામર્થ્ય પણ વધે અને પોતાના શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનું બળ ઘટી જાય છે. માટે જે પોતાના હૃદયને વિશે અતિશય શત્રુ પીડતો હોય તે સાથે અતિશય વૈર કરીએ તો તેની પરમેશ્વર સહાય કરે છે. માટે પોતાના શત્રુ જે કામાદિક તે સાથે જરૂર વૈર કરવું ઘટે છે અને પોતાના અંતઃશત્રુ સાથે વૈર કર્યામાં ઘણો જ લાભ છે.

**ભગવદાનંદ સ્વામી :** હે મહારાજ ! જેવી ભગવાનની બીક પાસે બેઠા હોઈએ અને રહે છે તેવી બીક છેટે જઈએ તોપણ રહે, તે કેમ સમજીએ તો રહે ?

**શ્રીજીમહારાજ :** જેવી ભગવાનની પાસે મર્યાદા રહે છે તેવી છેટે જાય તોપણ રહે-જો ભગવાનનું પૂરું માહાત્મ્ય સમજે તો. ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે બિરાજમાન છે. અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તેની ઇચ્છાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડ પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે તે સર્વમાં રહ્યા છે, એવું સમજીએ તો ભગવાનથી છેટે જઈએ તોપણ ભગવાનની મર્યાદા રહે છે.

'વચનામૃત', ૧૪મી આ., પૃ. ૧૭૮ ❑

## (૯) સ્વજનોમાં અમારું દિલ રહે છે

શ્રીમોટા

આપણે જે માર્ગે જવું નથી અને જે માર્ગના રાગમોહથી આપણે મુક્ત થવું છે, તે માર્ગના મોહાદિકપણાનાં લક્ષણથી વિમુક્ત થવાનો પ્રસંગ સાંપડતાં તો જીવને દિલમાં ઘણો આનંદ પ્રગટવો ઘટે. આપણે જે કરવું છે, તે તો મક્કમપણાથી, દિલના સાચા દૃઢ નિર્ધારથી અને નેક દાનતથી કરવું છે. આપણી પ્રમાણિકતા અને વફાદારી પારદર્શક બની જવાં જોઈએ. જીવનના આદર્શને જીવનમાંના પ્રસંગોમાં પ્રગટાવવા જતાં, જો હજી મુશ્કેલપણું લાગે, મન પાછું પડતું અનુભવાય તો જાણવું કે હજી આપણને ક્યાંક રૂંધામણ, ગૂંગળામણ છે અને હજી તે પરત્વેનો આપણો જીવ પ્રકારનો રાગ તેમાંથી પૂરેપૂરો હઠ્યો નથી. ભલા જીવ ! 'મુશ્કેલ અને કઠણ' શેને લાગવું જોઈએ ? શરીર ઉપર વીંછી ચઢતો હોય તો ફટાક દેતાંકને ખંખેરીને આપણે તેનાથી વિખૂટાં થઈ જઈએ છીએ, તેવી જ રીતે **જીવપણાના નકારાત્મક વલણને આપણે કદી પણ ટકવા દેવું ન ઘટે.** આ બધું સમજી સમજીને આપણે કરવાનું છે. જ્યાં જ્યાં સંઘર્ષણ છે, અશાંતિ છે, મૂંઝવણ છે, ડહોળામણ છે, ત્યાં ત્યાં જાણી જ લેવું કે પરસ્પર અંતરની સાફદિલી, એક નિષ્ઠા, શુદ્ધતા, એકરાગ, પ્રેમભાવ, નેક દાનત વગેરે વગેરે એના સાચા અર્થમાં અને યોગ્ય પ્રમાણમાં પ્રગટેલાં નથી.

**બધાં સ્વજનોમાં અમારું દિલ રહે છે, એ હકીકત છાપરે ચઢીને પોકારતાં અમને કદી સંકોચ થવાનો નથી.** તેથી કરીને તો તારી અને તે તે સ્વજનોની જવાબદારી હજારગણી વધી પડે છે. સર્વ પ્રકારે ઉત્તમમાં ઉત્તમ સ્થિતિમાં સંસારવહેવારમાં તું વર્ત્યા કરે... તો તેવી તું મારે જીવનમાં ઘણી ઘણી ખપની છે. આ જીવનમાં પ્રભુકૃપાથી જ્યારે મળવાનું બન્યું છે ત્યારે આપણે મળી જાણીએ. જીવનમાંના આપણાં બીજાં મિત્રોને અને સ્વજનોને આપણે પ્રેરણાત્મક બનીએ, એ રીતે જીવનને તેના યથાર્થપણામાં પ્રગટાવતાં રહીએ તો બીજા જીવોને શ્રીપ્રભુકૃપાથી પ્રેરણાત્મક બની શકવાનાં હોઈએ તો બની શકીએ, એ પણ એક મોટી સેવા છે.

ભાવનાને ટકાવી રાખવાને માટે, તેને વધુ તેજસ્વિત અને શક્તિશાળી બનાવવાને માટે, વધારે એકાગ્ર અને કેંદ્રિત કરવાને માટે નામસ્મરણ એ જબરજસ્ત સાધન છે. તેથી પ્રભુનાં નામમાં તું મસ્ત રહેજે. **ભગવાનનું નામ મોટેથી લીધા કરજે.** એમાં હવે મીનમેખ ફરક ન પડે તે કૃપા કરીને લક્ષમાં રાખજે. જેના સંગથી કરીને આપણી જીવવૃત્તિ વધારે જીવપણામાં પ્રગટે તેના સંગનો મક્કમતાથી જ્ઞાનપૂર્વક ઈન્કાર કર્યા કરવામાં જ્યારે ઘણો આનંદ પ્રગટે ત્યારે આપણી સ્થિતિ તે દશામાં પાકતી જતી બને છે, એમ સમજવું અને માનવું.

બહુ જ ઓછામાં ઓછું બોલવું અને શ્રીભગવાનનું નામ મોટેથી લીધા કરવું. મળેલાં કર્મને સંપૂર્ણ રીતે ઉત્તમમાં ઉત્તમપણાથી આપણા પોતાના વિકાસની ભાવના માટે પ્રભુપ્રીત્યર્થે કર્યા કરવાનું છે.

પોતે પોતાના સતત જાગૃત ચોકીદાર બનવાનું છે. આપણે કંઈ કશાનો સામનો જે કરવાનો છે, તે તો અંતરમાં આંતરિક વૃત્તિઓનો કરવાનો છે. આંતરિક મથામણો જ્યારે તેના ખરેખરા યથાર્થ સ્વરૂપમાં પ્રગટે છે ત્યારે મનાદિકરણોની સ્વસ્થતા, શાંતિ, સમતા, પ્રસન્નતા આદિ જીવતી રહેવી શક્ય નથી.

આંતરિક મથામણનું ઘર્ષણ આપણા ચહેરા ઉપર અને આપણાં કર્મોમાં ન ઊતરે તેની કાળજી ઘણી ઘણી રાખવાની હોય.

'જીવન પોકાર', બી.આ., પૃ.૭ ❏

## (૧૦) ભગવાનને યાદ કરીને કર્મ કરો

શ્રી જેસંગ બાપજી

નાવિક તો નાવડામાં જ છે. તે ખૂબ નિર્દોષ છે. તેને મોહજાળ કે ખાડામાં નાખવો તે જ પાપ છે. દેહના મોહમાં પડે તો દેવને ભૂલી જવાય છે. માટે દેહને ભૂલવો પણ દેવને ભૂલવા જેવો નથી. દેવ અજર અમર છે. દેહના મોહથી ઉપર આવીને જીવને સુખનું સાધન ભગવાન છે. અખિલ બ્રહ્માંડમાં એક ભગવાન છે. આ ભૂલો તો પછી સુખનું કોઈ સાધન નથી. શરીરની મૂર્છા આવે તો તેથી ચેતન કરવા પ્રભુ કોઈ ધક્કો આપી કાન ઉઘાડે છે. અનિત્ય અને નાશવંત શરીરના ભાવેથી શાંત થવા ભગવાનનો બોધ છે. આત્મદેવ તો ખૂબ નજીક છે, પણ તેને કોઈ જાણતું નથી. પોતાને જ જાણવાનું મૂકીને બીજું બીજું જાણ જાણ કરે છે.

સવારસાંજ બેસીને વિચાર કરો, મનને શાંત કરો. બુદ્ધિ શુદ્ધ થાય તો એને પણ અસર રહે છે. સાધન ખરાં પણ મૂળ લક્ષ વગર જોઈતું ના ફળે. આપણી અને ઈશ્વર વચ્ચે વધારે તો અસ્થિરતા, અશાંતિ છે. બધે બધાંમાં પરમાત્મા છે. તે ભાવે વૃત્તિ ઠારો અને મનને સ્થિર, શાંત અને ટાઢું કરો. તમારું મન ટાઢું થશે એટલે માંયથી-આત્મદેવથી શીતળતા,શાંતિ અને સારા ભાવો જાગશે. અસ્થિર મગજનો માણસ વાત કરે તો તે વાત કેવી લાગે ? એટલે મનને સંકલ્પ રહિત કરવા તમે તૈયાર થાવ. મન સત્‌બોધથી જ શાંત થાય. આ બધાનો માલિક ભગવાન છે, તેવા ભાવે જ મન શાંત થાય. બાકી, સોનાથી કે પૈસાથી તે નહિ બને. તમે આટલા ભાવ રૂના, ઘઉંના, મકાઈ વગેરેના ક્યારેય સાંભળ્યા હતા ? આટલા ભાવ ચઢ્યા પણ જીવને શાંતિ છે ? મકાઈના ભાવો વધ્યા તોય શાંતિ તો ખોવાણી છે. માલિકે પૂર્વના પુણ્યે જે દીધું તે બરોબર છે. સાધન છે તે સદ્‌ભાવ હોય અને સદુપયોગ હોય તો મોક્ષનું કારણ થાય છે, કંઈક કરણી સારી હશે તો તે સુખરૂપ બનશે અને ટેકો દેશે. માટે ભાવ સુધારીને વર્તમાન કરણી સુધારવાની છે. સુખમાં ભગવાનને યાદ ના કરીએ તો પછી ધક્કો પણ મારેને ?

જીવને આત્મદષ્ટિ ઈશ્વર તરફ થઈ નથી. બાકી, ‘નામ’ લેતાં જીવને સમાધિ થાય. સુખદેવજી, રાધાજીને ગુરુ માનતા તે નામ દેતાં જ મન મટી જતું અને સમાધિ થઈ જતી. આત્મદેવ કંઈ દેવ થોડો છે ? દેહભાવ જ જગતમાં ભવાટવી કરાવે છે. દેહ સામે નજર થશે તે દિવસે તમારું ચિત્ત ઠરશે. એવો દેવ તો હરદમ સન્મુખ છે. દેહના રોમેરોમને રખવાળે છે, તેથી તો દેહ રહેલ છે. માટે **ભગવાનને યાદ કરીને કામ કરો.** મનને સમજાવ્યા વિના કદી શાંત નહિ થાય. સદ્‌બોધ મળ્યેથી મન નિર્મળ થશે, આશા તૃષ્ણા મટશે ત્યારે થશે કે **ભગવાન જ ખરો સંબંધી છે. બાકી તો આ બધું છે તે સ્મશાન સુધીનું જ છે.** કોઈથી રાગમોહ કરવા જેવો નથી. કોઈને પૈસા ટકા, સોનું રૂપું જોઈતું હોય તો માગી લ્યો, પણ તેનાથી ઠરાશે નહિ. સંકલ્પ બંધ નહિ થાય. સોનાના ઢગલા ઉપર મન શાંત નહિ થાય. મનને ઠંડું-શાંત કરો. દેહ, ભૂમિ, મિલકત વગેરે તમારી માનો છો તે તમારી

નથી. દેહ પણ ભગવાનનો છે, તે માગી લીધો છે. જે પેઢી ઉપર છો તેનું માલિકીપણું કરે એ નહિ રહે. આપણને આ જોગ મળ્યો છે અને કોઈ ભવોમાં આ કામ કર્યું નથી, કર્મક્ષય કરવાનું તો, જો જીવ કરે તો જ બને.

આગળના રાજાઓ રાજપાટ મૂકીને આ માર્ગ ઉપર ચઢેલ છે. મહાનમાં મહાન અગાધ બુદ્ધિવાળા જીવોએ આ માર્ગ લીધો છે. તેમના હિસાબે તો આપણે કંઈ જ નથી. કદી ૨૫-૫૦ મણની જમીન છે તો તે પણ છોકરે પાળી લીધી. પછી તારું શું ? મતલબ કે જમીન પણ તારે હાથ નથી. **શરીર ભલે સંસારમાં રહે, પણ મન ભગવાનમાં રહે તે રીતે રહેવાનું છે.** શરીર સંસારમાં છે અને મન પણ તેમ હોય તો તે ભગવાનના માર્ગ ઉપર નથી. કૃપાળુ દેવ જેવાએ સત્સંગના માટે વિરહ કરેલ છે. આપણા જેવા અલ્પ જીવો માટે તો પછી વિચારવાનું છે, પણ સત્સંગ પણ ઓળખવાની જરૂર છે. પાત્રતાની ખૂબ જરૂર છે. ભગવાન તો તમારા સન્મુખ છે. એક ક્ષણ પણ દૂર નથી, પણ જીવ, મનને અવળો ખોરાક આપે છે. આગળના પુરુષોએ હરિશ્ચંદ્રે સર્વસ્વ મેલીને આ વાત લીધી છે. કબીર, સગાળ, શિબિરાજા વગેરેનું જુઓ. અત્યારે આમ હોય તો જીવ કહે પરમાત્મા તત્ત્વ કેટલું મોંઘું છે ? મારે એમ નથી કહેવાનું કે આ ભાવ ભાવીને ગભરાવો, પણ માંય શાંતિ રાખીને વર્તન કરો. તમે સ્મરણ કરો રા....મ.... કહેથી સમાધિ છે. એવા જે ભગવાન છે તેનાં નામનું સ્મરણ કરો અને જીવોની સેવા કરો તો તે આત્મભાવ જાગૃતિ કહેવાય. બાકી, આપણે ધોળા લૂખાં લૂખાં ફરીએ તો તે કાંઈ ભક્તિ નથી. શુભવૃત્તિની તમારી કમાણી તમારું ધન તમારી સાથે છે. બાકી, ધૂળ, ઢેખાળા અને વ્યવહાર બધો ઠીક નથી. તમે શ્વાસ શેને લ્યો છો ? પગ મૂકો છો, પાણી અને અન્ન છે તે કેનાં પરમાણું છે ? તે વિચારો ! આ તો જૂનું છે તે ભોગવાય છે અને નવા દેહનું કર્મ વર્તમાન ચાલુ છે. તો તે સુધારો. વર્તમાન કર્મ સુધરેથી શાંતિ, સમતા અને નીતિરીતિ આવશે તો તમારી દૃષ્ટિથી બીજાને શાંતિ થશે અને બગાડ્યું તો આગળ ભડકા છે. દેહનું અભિમાન કરવા જેવું નથી. જન્મ્યા કેડે સવા મહિના સુધી માતાને ઘરમાં ના અડાય તેવો દેહ છે અને મરતાં ૧૨ દિન સુધી કોઈ બ્રાહ્મણ ના જમે આવો દેહનો આભડછેટ છે. આ દેહના અભિમાન જેવું કોઈ ઝેર નથી.

આત્મદેહના સિદ્ધાંત ઉપર રહેવા માટે બળ જોઈશે. મીરાંબાઈનું બળ જુઓ તો તમારે તો તેવું નથીને ? માન-બડાઈ, ઈર્ષાના, મારા-તારાના કંઈક વાંધા આવશે ! તો જાગૃતિ તો શરૂમાં રાખવી જ પડશે. અગર તેમ નહિ રાખો તો નહિ ટકાય, પણ એ થાકીને કરવા જેવું નથી. ઉલ્લાસથી કરવા જેવું છે. નેણે, વેણે અને આચરણે ભગવાનને જોયા તે અમરાપુર શરીરે પુરુષ કે માતા નથી. આ તો પૂર્વકર્મનાં પાંજરાં છે. અજ્ઞાનતાનું કર્મ ખપાવવા માટે આ નાવડાં છે. ભગવાન ભજવાનો બધો ટાઈમ છે. તેમાં કોઈ અમુક તેવું નથી. ભગવાને આ દેહ રાખ્યા છે, તે ભગવાનના ભજન માટે જ રાખ્યા છે.

'અમૃતસાગર ઝરણું-૨', પ્ર.આ., પૃ. ૪૭ ❑

## (૧૧) 'ૐ'કારનું અવલંબન શ્રેષ્ઠ છે

સ્વામી પ્રકાશાનંદજી

બાળક જ્યારે ચાલતાં શીખે છે ત્યારે પહેલાં ત્રણ પૈડાંની ગાડીનો આધાર લઈને પોતાના પગ ઉપર ભાર દઈને ઊભું થાય છે અને ગાડીને ધકેલે છે તથા ગાડી સાથે આગળ ચાલવા પ્રયત્ન કરે છે. તે પછી ગાડી ઉપરથી હાથ ખસેડી લઈ પોતે થોડીવાર ઊભું રહી થોડું થોડું ચાલવા માંડે છે. એમ કરતાં કરતાં બાળક ચાલતાં શીખી જાય છે.

સિદ્ધાંતમાં એમ સમજવાનું છે કે જ્યારે જ્યારે સાધક આત્માનુસંધાન કરતાં શીખે છે ત્યારે अ કાર उ કાર અને म કાર વાળી ત્રણ પૈડાંની 'ૐ'રૂપી ગાડીનો આધાર લઈ ભક્તિ અને વૈરાગ્યરૂપ બે પગ ઉપર ભાર દઈ ઊભો છે. ૐ શબ્દની સાથે વૃત્તિનું પણ ઉત્થાન થવાથી સાધક આત્માનું ધ્યાન કરી શકે છે અને ગાડી હાથમાંથી છૂટી જાય છતાં બાળક જરા વાર ઊભું રહી જાય, તેમ ૐ શબ્દ શાંત થઈ જાય, તોપણ વૃત્તિ થોડીવાર ટકી પછી શાંત થઈ જાય છે. ફરી ૐકારને આગળ કરે છે તથા આત્માનું ધ્યાન કરવા પ્રયત્ન કરે છે. ૐ શબ્દ શાંત થઈ જાય છે અને વૃત્તિ ટકી રહે છે.

આ પ્રમાણે ૐકાર દ્વારા સહેલાઈથી આત્માનું ધ્યાન થઈ શકતું હોવાથી શ્રુતિ કહે છે કે एतदालम्बनं श्रेष्ठम् આ ૐકારરૂપ આલંબન શ્રેષ્ઠ છે.

ૐ દ્વારા ધ્યાન કરવાની રીત મુંડક ઉપનિષદમાં છે. ૐકાર ધનુષ્ય છે, આત્મા બાણ છે અને બ્રહ્મ તેનું લક્ષ્ય કહેવાય છે. પ્રમાદથી રહિત ચિત્તવાળા પુરુષથી તે વીંધાવા યોગ્ય છે. તેથી, તેણે બાણની પેઠે તન્મય થવું. ધનુષ્ય જેમ બાણને ગતિ આપવાનું સાધન છે, તેમ ૐ એ ધનુષ્ય જીવાત્માની વૃત્તિરૂપ બાણને ગતિ આપવાનું સાધન છે.

ૐકાર દ્વારા ક્રમશઃ વૃત્તિ સત્ત્વપ્રધાન થતી જાય છે. તે પછી સૂક્ષ્મ થતી જાય છે. જ્યારે શુદ્ધ સાત્ત્વિક થાય છે ત્યારે આવરણનો ભંગ થાય છે, જેને લક્ષ્યવેધ કહે છે.

મૂળ શ્લોકમાં सततम् એમ કહ્યું છે, પરંતુ વૃત્તિને નિરંતર બ્રહ્માકાર કરવાનું થઈ શકે નહિ. વળી, આસન નાખીને માત્ર વધારેમાં વધારે બેત્રણ કલાક બ્રહ્માકાર વૃત્તિ થઈ શકે. માટે બાકીના વખતમાં હરતાંફરતાં વૃત્તિ બ્રહ્માકાર કરવી જોઈએ. 'માંડૂક્ય ઉપનિષદ'માં કહેવાયું છે કે 'ૐ' આ પ્રકારનો અક્ષર આ બધું છે. છંદોગ્ય શ્રુતિમાં કહ્યું છે કે सर्वं खल्विदं ब्रह्म આ સર્વ નામરૂપાત્મક જગત નિશ્ચયે બ્રહ્મ છે, કારણ કે આ જગત તેમાંથી ઊપજેલું, તેમાં લય પામનારું ને તેમાં સ્થિત છે. એટલે નામરૂપને છોડી દઈને અસ્તિ, ભાતિ પ્રિયરૂપ જે બ્રહ્મ છે તેની સાથે વૃત્તિને જોડવી. આ ઉપર મત્સ્યવેધનું દૃષ્ટાંત છે : અર્જુને કરેલા મત્સ્યવેધ સમયે એક પાણીના કુંડમાં વચ્ચોવચ એક થાંભલો હતો અને તે થાંભલાની વચમાં ત્રાજવું હતું. ત્રાજવાનાં બે પલ્લામાં ઊભા રહી શરીર સમતોલ રાખવાનું હતું અને થાંભલાના ઉપલા ભાગમાં એક સોનાનું માછલું ટાંગેલું હતું, જે ગોળ ગોળ ફર્યા કરતું હતું. આ ફર્યા કરતા માછલાનું પ્રતિબિંબ પાણીમાં પડતું હતું. તે પ્રતિબિંબ ઉપર લક્ષ રાખીને મત્સ્યવેધ કરવાનો

**(અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)**

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | બિપીનચંદ્ર નગીનદાસ શેઠના પરિવાર (જ્ઞાનદાન) | સુરત | ૧૧,૧૧૧/- |
| ૨. | એક સ્વજન | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૩. | લતેશ પ્રવીણકુમાર બારોટ<br>સદ્ગત પિતાશ્રી પ્રવીણકુમારના સ્મરણાર્થે દેહાંત તા. ૨૭-૨-૨૦૦૭ | ખંભાત | ૬,૦૦૦/- |
| ૪. | લતેશ પ્રવીણકુમાર બારોટ<br>સદ્ગત જનેતા તારાબહેનના સ્મરણાર્થે દેહાંત તા. ૨૦-૨-૨૦૧૯ | ખંભાત | ૬,૦૦૦/- |
| ૫. | લતેશ પ્રવીણકુમાર બારોટ<br>સદ્ગત બંધુ યોગેશના સ્મરણાર્થે દેહાંત ૧૯-૩-૨૦૧૯ | ખંભાત | ૬,૦૦૦/- |
| ૬. | એક સ્વજન | વડોદરા | ૫,૦૦૦/- |
| ૭. | શરદભાઈ સી. મારફતિયા | સુરત | ૫,૦૦૦/- |
| ૮. | અંજનાબહેન દેસાઈ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૯. | એક સ્વજન | અમદાવાદ | ૩,૧૦૦/- |
| ૧૦. | રમાબહેન મુકુંદરાય ભટ્ટ | મુંબઈ | ૨,૫૦૦/- |
| ૧૧. | કંચનબહેન હર્ષદભાઈ નરોત્તમભાઈ પટેલ | સુરત | ૨,૦૦૦/- |
| ૧૨. | જિગર નીતિનભાઈ તમાકુવાળા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૩. | કુસુમબહેન નટવરલાલ મહેતા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૪. | જયાબહેન જન્મેજય પટેલ : ડાહીફોઈના જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૧૫. | રણજિતભાઈ ઈશ્વરલાલ પોષ્ટીવાલા | સુરત | ૧૦૦૦/- |
| ૧૬. | ભૂમિકા માધવ પંડ્યા | વડોદરા | ૧૦૦૦/- |
| ૧૭. | યોગેન્દ્ર ડી. સોલંકી | ઉધના | ૫૦૧/- |
| ૧૮. | શિલ્પીન દિનેશચંદ્ર મહેતા (HUF) | સુરત | ૫૦૧/- |
| ૧૯. | ગોરધનભાઈ મણિલાલ પટેલ | નરોડા | ૫૦૦/- |
| ૨૦. | મીનાક્ષીબહેન દેસાઈ<br>સદ્ગત જીવનસાથી જયંતભાઈ ઠાકોરભાઈ દેસાઈના સ્મરણાર્થે | પારડી, વલસાડ | ૫૦૦/- |
| ૨૧. | જ્યોતીન્દ્ર જે. મહેતા<br>પૌત્ર દેવર્ષ રોનક મહેતાના જન્મદિન (૧-૪) નિમિત્તે | અમદાવાદ<br>(હાલ લંડન) | ૫૦૦/- |
| ૨૨. | જ્યોતીન્દ્ર જે. મહેતા<br>પૌત્રી નિત્યા રોનક મહેતાના જન્મદિન (૨૩-૪) નિમિત્તે | અમદાવાદ<br>(હાલ લંડન) | ૫૦૦/- |
| ૨૩. | કલાબહેન ચિનુભાઈ અમીન | અમદાવાદ | ૫૦૦/- |
| ૨૪. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૨૫૧/- |
| ૨૫. | કલ્યાણી પ્રદીપકુમાર જાની : પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન નિમિત્તે | સુરત | ૨૫૧/- |
| ૨૬. | રંજનબહેન મનહરભાઈ પટેલ | સુરત, લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**



ઈશ્વરની આરાધના માટે આપણા પૂર્વજો સમય કાઢી શકતા હતા. તેઓ મનને સંઘર્ષથી મુક્ત કરી, શાંત મનથી ઊંઘવાને અને કોઈ પણ સંજોગો હસતે મોઢે સામનો કરવાને શક્તિમાન હતા.

આજે ટી.વી.ના મોટા ભાગના કાર્યક્રમો મનને દૂષિત કરનારા અને ઈચ્છા, ઈર્ષા અને અદેખાઈમાં વૃદ્ધિ કરનારા હોય છે.

- શ્રીમા અમૃતાનંદમયી

'માતૃવાણી', સપ્ટેમ્બર ૦૯

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020





## સ્ત્રીજાતિનો અનાદર ના કરો

સ્ત્રીજાતિને હંમેશાં માન આપો.
સ્ત્રીમાં ગમે તેટલા દોષ હોય પણ તેના એક ગુણને પકડીને તેનાં વખાણ જ કરો - સાચી ભાવનાથી કરો.
સ્ત્રી અને બાળક દુર્બળ પ્રકૃતિના હોય છે. એટલે વખાણથી એમને પ્રોત્સાહન મળે છે.

પુરુષને આદર આપવાથી એનો અહંકાર વધશે.
સ્ત્રીને આદરમાન આપવાથી એનો ત્યાગ વધશે.

- સ્વામી શ્રીસદાશિવ

'પ્રજ્ઞારસમાધુરી-ઉત્તરાર્ધ', પ્ર. આ., પૃ. ૩૯

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com